

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૮ ❖ ૧૦, એપ્રિલ-૨૦૧૦

૨૯, રબી.આખર, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૪

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સુલેમાન આઈ. માસ્ટર

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


❋ ઊઘડતે પાને ........................ ૦૧
❋ કુરઆન શિક્ષણ .................... ૦૫
❋ અહાદીસ ........................... ૦૬
❋ કેન્સર વિશે સામાન્ય માહિતી......... ૦૮
❋ છૂપો ખજાનો ........................ ૦૯
❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ .. ૧૫
❋ ગડમથલ............................ ૧૮
❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) ૧૯
❋ અરબી મૂળાક્ષરોનો પરિચય .......... ૨૨
❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ સેદ્રાણા મુકામે પઢેલ મજલિસ ૨૩
❋ નહજુલ બલાગહ .................... ૨૭
❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. ૨૯
❋ જુંબિશે લબ.......................... ૩૧
❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... ૩૩
❋ મશાયખવાણી ........................ ૩૫
❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ...................... ૩૭
❋ જ્ઞાનગોષ્ઠિ .......................... ૩૯
❋ આપણા ઘરની વાતો ................. ૪૭
❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન..... ૪૯


## ઊઘડતે પાને...

અબ્બાસી બાદશાહ.

મામૂન રશીદ એનું નામ.

આજે મામૂન રશીદનો દરબાર ચિક્કાર ભરેલો છે કારણ કે અગાઉથી જ ધાર્મિક વાદવિવાદ (મુનાઝરા)ની જાહેરાત કરી દેવામાં આવી હતી. દરેક જણ એક અજબ પ્રકારના અને અસાધારણ મુકાબલાને નિહાળવા આતુર હતો.

મુકાબલામાં એક તરફ માત્ર નવ વર્ષના એક બાળક અને બીજી તરફ બગદાદનો સૌથી મોટો આલિમ યહ્યા બિન અકસમ. આ બાળક બીજું કોઈ નહીં પણ આપણા નવમા ઈમામ મોહંમદ તકી(અ.) હતા.

ઈતિહાસ લેખકોનું વર્ણન છે કે હુકૂમતના પદાધિકારીઓ અને પ્રતિષ્ઠિત લોકો સિવાય આ જલ્સામાં નવસો ખુરસીઓ તો ફક્ત આલિમો અને બુધ્ધિજીવીઓ માટે ખાસ મૂકવામાં આવી હતી. આમાં કોઈ નવાઈ જેવી વાત નથી કેમકે એ જમાનો અબ્બાસી સલ્તનતનો યૌવનકાળનો હતો અને ખાસ કરીને જ્ઞાનના વિકાસનો હતો. એ વખતે બગદાદ રાજધાની હતી કે જ્યાં આજુબાજુથી વિવિધ જ્ઞાનના અને કલાના નિષ્ણાત માણસો ખેંચાઈને આવતા હતા.

મામૂન રશીદે ઈમામ મોહંમદ તકી(અ.) માટે પોતાની બાજુમાં ગાદી બિછાવી હતી અને ઈમામની સામે જ યહ્યા બિન અકસમ માટે બેસવાની જગ્યા હતી. આખો દરબાર ખીચોખીચ ભરેલો હતો અને એકદમ સન્નાટો છવાયેલો હતો. આખો મજમો વાર્તાલાપ સાંભળવા અને જોવા માટે વાટ જોઈને બેઠો હતો.

આ શાંત વાતાવરણને તોડતાં યહ્યાએ મામૂન રશીદને સંબોધીને કહ્યું,

'હુઝૂર ! શું મને આપ પરવાનગી આપો છો કે હું અબુ જાફરને (ઈમામ મોહંમદ તકી(અ.)ને) કોઈ મસઅલો પૂછું ?'

મામૂને કહ્યું,

'તમારે જાતે જ તેમની રજા લેવી જોઈએ.'

આ સાંભળીને યહ્યાએ ઈમામ મોહંમદ તકી(અ.) તરફ મોં રાખીને કહ્યું,

'શું આપ મને પરવાનગી આપો છો કે હું આપને કંઈક પૂછું ?'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'અય યહ્યા ! તમે જે કંઈ પૂછવા માગતા હો તે પૂછી શકો છો.'

યહ્યાએ કહ્યું,

'આપ મને એ બતાવો કે અહેરામની હાલતમાં જો કોઈ માણસ શિકાર કરે તો તેના માટે શું હુકમ છે ?'

આ સવાલ ઉપરથી ખબર પડે છે કે યહ્યા હઝરત ઈમામ મોહંમદ તકી(અ.)ની ઈલ્મી બુલંદીથી બિલકુલ પરિચિત ન હતો. તે પોતાના જ્ઞાનના ઘમંડથી અને અજ્ઞાનતાથી એવું સમજતો હતો કે આ શાહઝાદા નાની ઉંમરના છે તેથી કદાચ દૈનિક ક્રિયાઓ જેવી કે રોઝા, નમાઝ વગેરેના મસઅલા જાણતા હશે પરંતુ હજ, વગેરેના અહેકામો અને એહરામની હાલતમાં કઈ કઈ બાબતોની મનાઈ છે અને તેનો કફ્ફારો શું લાગુ પડે છે તેનાથી તો પરિચિત ક્યાંથી હશે !

ઈમામે તેના જવાબમાં સવાલના દ્દષ્ટિકોણથી સવાલોની એવી ઝડી વરસાવી કે મસઅલાનો અસલ જવાબ તો હજુ આપ્યો ય ન હતો તેમ છતાં યહ્યાને તેમ જ દરબારમાં ઉપસ્થિત સઘળા લોકોને આપના ઈલ્મના ઊંડાણનો અંદાજ આવી ગયો. યહ્યા પોતે પણ પોતાની જાતને વામણી સમજવા લાગ્યો અને આખા મજમાને પણ શરમનો અનુભવ થવા લાગ્યો.

આપે જવાબમાં ફરમાવ્યું,

'અય યહ્યા ! તમારો જવાબ બિલકુલ અસ્પષ્ટ અને અર્થહીન છે. સવાલ દ્વારા હજુ એ બાબત સમજવી જરૂરી છે કે તેણે શિકાર 'હલ'માં કર્યો હતો કે હરમમાં ? શિકાર કરનારો આ મસઅલાથી પરિચિત હતો કે અજાણ હતો ? તેણે આ જાનવરને જાણી બુઝીને મારી નાખ્યું કે ભૂલથી કતલ થઈ ગયું? તે માણસ આઝાદ હતો કે ગુલામ ? નાની ઉંમરનો હતો કે બાલિગ ? તેણે પહેલી વખત જ આવું કર્યું હતું કે તે આના પહેલાં પણ આવું કરી ચૂક્યો હતો? શિકાર કોઈ પક્ષીનો કર્યો હતો કે પછી બીજા કોઈનો? તે નાનું હતું કે મોટું ? તે માણસ પોતાના કાર્ય માટે હઠાગ્રહી છે કે પસ્તાયો છે ? રાત્રે છૂપી

રીતે તેણે આ શિકાર કર્યો કે દિવસે જાહેરમાં ? તેણે એહરામ ઉમ્રહનો બાંધ્યો હતો કે હજનો ? જ્યાં સુધી આ બધી બાબતો વિગતવાર બતાવવામાં ન આવે ત્યાં સુધી આ મસઅલાનો કોઈ નિશ્ચિત હુકમ આપી શકાતો નથી.'

યહ્યા ભલેને જ્ઞાનની બાબતમાં અપૂર્ણ હતો તેમ છતાં ફિકહના મસઅલાઓ પર થોડી ઘણી તો તેની નજર હતી જ. તે આ વિપુલ સંખ્યામાં શંકાઓ પેદા કરવાથી જ ખૂબ સારી રીતે સમજી ગયો કે આમનો મુકાબલો કરવો મારા માટે સરળ બાબત નથી. તેના ચહેરા ઉપર પરાજયનાં ચિહ્નો પેદા થયાં જેનો બધા જ જોનારા લોકોએ અંદાજ કરી લીધો. હવે તેની બોલતી બંધ થઈ ગઈ હતી અને તે કંઈ પણ જવાબ આપતો ન હતો.

મામૂને પરિસ્થિતિનો સાચો અંદાજ લગાવીને યહ્યાને કંઈ કહેવાને વ્યર્થ સમજીને સીધી હઝરતને જ અરજ કરી,

'તો પછી આપ જ આ બધા અનુમાનોના એહકામો બયાન ફરમાવી દો જેથી અમને બધાને આ જ્ઞાન મેળવવાની તક મળી શકે.'

ઈમામ મોહંમદ તકી(અ.)એ વિગતવાર દરેક પરિસ્થિતિમાં જે અલગ અલગ અહેકામો હતા તે બયાન ફરમાવ્યા. આપે ફરમાવ્યું,

'અગર એહરામ બાંધ્યા પછી 'હલ'માં શિકાર કરે અને તે શિકાર પક્ષી હોય અને તે પક્ષી મોટું પણ હોય તો તેનો કફ્ફારો એક બકરી છે. અને જો આવો જ શિકાર હરમમાં કર્યો હોય તો બે બકરીઓનો કફ્ફારો છે અને જો કોઈ નાના પક્ષીનો 'હલ'માં શિકાર કર્યો હોય તો તે પક્ષીની કિંમત અને એક દુમ્બો કફ્ફારામાં આપવો પડશે અને જો તે શિકાર ચોપગુ પ્રાણી હોય તો તેના કેટલીય પ્રકારો છે. અગર તે જંગલી ગધેડો હોય તો એક ગાય અને અગર શાહમૃગ હોય તો એક ઊંટ અને અગર હરણ હોય તો એક બકરી કફ્ફારો આપવો પડે. આ કફ્ફારો તો જ્યારે 'હલ'માં શિકાર કર્યો હોય તો આપવો પડે. પરંતુ જો હરમમાં શિકાર કર્યો હોય તો આ જ કફ્ફારો બમણો આપવો પડશે અને તે જાનવરોને કે જેમને કફ્ફારામાં આપે, જો એહરામ ઉમ્રહનો હોય તો ખાનએ કા'બા સુધી પહોંચાડે અને મક્કામાં કુરબાની કરે અને અગર એહરામ હજનો હોય તો મિનામાં કુરબાની કરે અને આ કફ્ફારામાં આલિમ અને જાહિલ બન્ને સરખા છે અને ઈરાદાપૂર્વક શિકાર કરવામાં કફ્ફારો આપવાની સાથે સાથે ગુનેગાર પણ બનશે, હાં, ભૂલથી શિકાર કરવામાં ગુનો નથી. વળી આઝાદ માણસ પોતાનો કફ્ફારો જાતે જ આપે અને ગુલામનો કફ્ફારો તેનો માલિક આપે અને નાના બાળક ઉપર કોઈ કફ્ફારો લાગુ પડતો નથી અને બાલિગ ઉપર કફ્ફારો આપવો વાજિબ છે અને જે માણસ પોતાના આ કાર્ય માટે પસ્તાવો વ્યક્ત કરે તો તે આખેરતના અઝાબથી બચી જશે પરંતુ જો એ કાર્ય પર હઠાગ્રહ કરશે તો આખેરતમાં પણ તેના ઉપર અઝાબ થશે.'

આ બધી વિગતો સાંભળીને યહ્યા આશ્ચર્યચકિત થઈ ગયો અને આખા મજમામાંથી વાહ ! વાહ ! નો શોર બુલંદ થયો. મામૂનનો પણ આગ્રહ હતો કે તે યહ્યાની બદનામીને પરાકાષ્ઠા સુધી પહોંચાડી દે. તેણે ઈમામને અરજ કરી,

'અગર જો આપને યોગ્ય લાગે તો આપ પણ યહ્યાને કોઈ સવાલ પૂછો.'

હઝરતે શિષ્ટાચારની રૂએ યહ્યાને પૂછયું,

'શું હું પણ તમને કંઈ પૂછી શકું છું ?'

યહ્યા હવે પોતાની બાબતમાં કોઈ શંકામાં ફસાયેલો ન હતો. તેણે કહ્યું,

'હુઝૂર ! પ્રશ્ન પૂછો. જો મને ખબર હશે તો અરજ કરીશ નહિતર હું પોતે જ હુઝૂર પાસેથી તેની માહિતી મેળવી લઈશ.'

હઝરતે સવાલ કર્યો,

'એ વ્યક્તિની બાબતમાં તમે શું કહો છો કે જેણે સુબ્હના સમયે એક સ્ત્રી તરફ નજર કરી તો તે તેના માટે હરામ હતી. દિવસ ચડ્યો તો તે હલાલ થઈ ગઈ. પછી ઝોહરના સમયે હરામ થઈ ગઈ. અસરના સમયે તે હલાલ થઈ ગઈ. સૂર્યાસ્ત વખતે ફરીથી પાછી હરામ થઈ ગઈ. ઈશાના સમયે પાછી હલાલ થઈ ગઈ. અડધી રાત્રે હરામ થઈ ગઈ. સુબ્હના સમયે પાછી હલાલ થઈ ગઈ. બતાવો એક જ દિવસમાં આટલી વખત તે સ્ત્રી એ પુરૂષ માટે કેવી રીતે હરામ અને હલાલ થતી રહી ?

ઈમામ(અ.)ના પ્રતિષ્ઠિત મુખેથી થયેલ વર્ણનવાળો આ સવાલ સાંભળીને કાઝી અલ કઝાહ યહ્યા બિન અકસમ સ્તબ્ધ થઈ ગયા અને કોઈ જવાબ આપી ન શક્યા. છેવટે તેમણે ખૂબ જ આજીજીપૂર્વક કહ્યું,

'અય ફરઝંદે રસૂલ ! આપ પોતે જ તેની સ્પષ્ટતા ફરમાવો અને આ મસઅલાનો ઉકેલ બતાવો.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'સાંભળો ત્યારે, તે સ્ત્રી કોઈની લૌંડી હતી તેના તરફ સુબ્હના સમયે એક અજાણ્યા માણસે નજર કરી તો તે તેના માટે હરામ હતી. દિવસ ચડ્યો એટલે તેણે તે લૌંડીને ખરીદી લીધી તો તે હલાલ થઈ ગઈ. ઝોહરના સમયે તેને આઝાદ કરી દીધી તો તે હરામ થઈ ગઈ. અસરના સમયે તેણે તેની સાથે નિકાહ કરી લીધા તો પાછી હલાલ થઈ ગઈ. મગરિબના સમયે તેની સાથે ઝેહાર કર્યો (એક પ્રકારની તલાક આપી) તો પાછી હરામ થઈ ગઈ. ઈશાના સમયે ઝેહારનો કફ્ફારો આપી દીધો તો પાછી હલાલ થઈ ગઈ. અડધી રાત્રે તે માણસે તે સ્ત્રીને તલાકે રજઈ આપી જેનાથી તે ફરીથી હરામ થઈ ગઈ અને સુબ્હના સમયે તે તલાક પરત્વે તેનું હૃદય આકર્ષિત થઈ ગયું તો તે હલાલ થઈ ગઈ.'

આ મસઅલાનો આવો ઉકેલ સાંભળીને માત્ર યહ્યા જ નહીં પરંતુ આખો ય મજમો હેરત પામી ગયો અને બધાના મોઢા ઉપર ખુશીની લહેર દોડવા લાગી. મામૂનને પોતાની વાત ઊંચી રહેવાની ખુશી હતી. તેણે મજમાની તરફ મોઢું ફેરવીને કહ્યું,

'જુઓ, શું હું નહોતો કહેતો કે આ ઘરાનું કે જે કુદરત તરફથી ઈલ્મનું માલિક ગણવામાં આવ્યું છે એટલે સુધી કે તેમના બાળકોનો પણ કોઈ મુકાબલો કરી નથી શકતો.'

મજમામાં ખૂબ જ ઉત્સાહ હતો. બધાએ એકી અવાજે કહ્યું,

'બેશક, આપનું જે મંતવ્ય છે તે બિલકુલ સાચું છે અને ખરેખર અબુ જાફર મોહંમદ બિન અલી(અ.)નો બરોબરીયો કોઈ નથી.'*

(સવાએકે મોહરકા, પેજ-૧૨૨, નૂરૂલ અબ્સાર, પેજ-૧૪૨, શર્હે ઈર્શાદ, પેજ-૪૭૮ થી ૪૭૯, સવાનહે મોહંમદ તકી, પેજ-૨)


**અમીરઅબ્બાસ જાફરી**
૯૮૨૫૫૮૫૮૪૩

**હસનઅબ્બાસ મોમિન**
૯૯૯૮૪૫૭૧૨૯

**Inspire Software Co.** A STEP AHEAD

**ઈન્સ્પાયર સોફ્ટવેર કંપની**

આપના હોટલ (રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ)ના સોફ્ટવેર, કરિયાણા કે સુપર માર્કેટના સોફ્ટવેર તેમજ અન્ય કોઈ પણ ધંધાને લગતા સોફ્ટવેર ઓર્ડરથી બનાવી આપીશું. અમારે ત્યાં ઉત્તમ ક્વોલીટી તેમજ લેટેસ્ટ ટેકનોલોજીથી બનાવેલ સોફ્ટવેર મળશે.

તો આપના ધંધાને સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝડ્ કરવા માટે આજે જ સંપર્ક કરો.

**Inspire Software Co.**
**1/2, 1st Floor, Samarthya Complex,**
**Opp. Hotel Siddharth, Tavadiya Cross Road, SIDDHPUR, Ph. : 02767 - 226440**
**website : inspire software.co.in**

# કુરઆન શિક્ષણ


અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)


بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ *(હે માનવી !) જો અલ્લાહ તને કાંઈ દુ:ખ પહોંચાડે તો તેના સિવાય તેનો ટાળનાર કોઈ નથી; અને જો તે તને કાંઈ સુખ પહોંચાડે તો (અલબત્ત) તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૧૭)**

✻ *અને તેના કરતાં વધારે જુલમગાર કોણ હશે કે જે અલ્લાહ ઉપર જૂઠાં આળ જોડી કાઢે અથવા તેની નિશાનીઓને જૂઠલાવે; બેશક જુલમગારો સફળતા મેળવશે નહીં.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૨૧)**

✻ *અને જેઓ પોતાના પરવરદિગારને તેની ખુશી પ્રાપ્ત કરવાના હેતુથી સવાર સાંજ પોકારતા રહે છે તેમને તું હાંકી ન કાઢ; તેમના હિસાબ માંહેનું તારા ઉપર કાંઈ નથી તેમજ તારા હિસાબમાંથી તેમના ઉપર કાંઈ નથી, છતાં જો તું તેમને હાંકી કાઢશે તો તું જાલિમો માંહેનો થઈ જશે.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૫૨)**

✻ *અને (હે રસૂલ !) જેઓ અમારી આયતો પર ઈમાન રાખે છે તેઓ જ્યારે તારી પાસે આવે ત્યારે તું તેમને કહે કે તમારા ઉપર સલામ હોજો; તમારા પરવરદિગારે તમારી જાત પર રહેમત વાજિબ કરી દીધી છે, માટે તમારામાંથી જે કોઈ અજ્ઞાનતામાં કોઈ બદી કરી બેસે તો અલ્લાહ મોટો માફ કરનારો (અને) રહેમ કરનારો છે.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૫૪)**

✻ *અને તે અલ્લાહ એ જ છે કે જે રાત્રે (ઊંઘમાં) તમારી રૂહ (આત્મા) કબ્જ કરી લે છે અને દિવસે જે કાર્યો તમે કરી ચૂક્યા હો છો તે પણ જાણે છે પછી તે તમને તે (દિવસ)માં ઉઠાવી ઊભા કરે છે કે (જેથી જીવનનો) નક્કી કરેલો સમય પૂરો થવા પામે, પછી તેની જ હુઝૂરમાં તમારું પાછું ફરવું થશે, પછી જે જે કાંઈ તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.* **(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૬૦)**

✻ *(હે રસૂલ !) તું કહે કે આવો, હું વાંચી સંભળાવું કે તમારા પરવરદિગારે તમારા પર કઈ કઈ વસ્તુઓ હરામ કરી છે (તે આ) કે તમે કોઈ વસ્તુને તેનો શરીક બનાવો નહીં અને મા-બાપ સાથે નેકી કરો અને ગરીબાઈ(ના ભય)થી તમારી ઓલાદને મારી ન નાખો; અમે જ તમને રોજી આપીએ છીએ અને તેમને પણ; તેમજ નિર્લજ્જતાભરી વાતો પાસે જાઓ નહીં, પછી ભલેને તે પ્રત્યક્ષ હોય કે છૂપી, અને કોઈ વ્યક્તિને કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે તેને તમે મારી ન નાખો સિવાય કે ન્યાયસર હોય; આ છે કે જેની તેણે તમને આજ્ઞા કરી છે કે કદાચને તમે સમજો.*

**(પારો-૮, સૂરએ અન્આમ, આયત-૧૫૨)**

✻ *જે એક નેકી લાવશે તેના માટે તેના જ જેવો દસ ગણો (બદલો) છે અને જે એક બદી લાવશે તેને તેના જેવી (એક જ) સજા કરવામાં આવશે અને તેમના ઉપર અન્યાય કરવામાં આવશે નહીં.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૧૬૧)**

✻ *અને તે (અલ્લાહ) એ જ તો છે કે જેણે તમને પૃથ્વીના (એક પછી એક) માલિક બનાવ્યા છે અને તમારા માંહેના કેટલાકોના કેટલાકો પર દરજ્જા ઊંચા કર્યા છે કે જેથી જે (નેઅમત) તમને આપી છે તેમાં તમારી કસોટી કરે; બેશક તારો પરવરદિગાર ઝડપી શિક્ષા આપનારો છે અને બેશક તે મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.*

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૧૬૬)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

*મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)*
*આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.*
*ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.*
*મો.૯૯૨૫૭૩૦૧૦૭*



# અહાદીસ



## ઘર સંસાર વિશે

માણસમાં રહેલી જાતીયવૃત્તિ અન્ય પ્રાકૃતિક શક્તિઓની માફક એક એવી સ્વાભાવિક બાબત છે કે જેને ખુદા તઆલાએ શરૂઆતથી જ માનવીના સ્વભાવમાં વણી લીધી છે. સ્પષ્ટ છે કે જો આ સ્વાભાવિક બાબતનો પત્નીઓ દ્વારા સાનુકૂળ પ્રત્યુત્તર ન આપવામાં આવે કે જે એક માત્ર શરીઅતી અને કાનૂની પધ્ધતિ છે, તો પછી લોકો લાચાર થઈને ગેરકાનૂની અને ગેરશરીઅતી પધ્ધતિઓ અપનાવે અથવા તો ખુદાએ આપેલી આ શક્તિ કાળક્રમે સંપૂર્ણપણે લુપ્ત થઈ જાય અને આ બન્નો પરિસ્થિતિમાં ધાર્મિક, ચારિત્ર્ય વિષયક, સામાજિક અને આરોગ્ય સાથે સંબંધ ધરાવનાર ખરાબીઓની પરંપરા શરૂ થઈ જાય.

આ કારણને લીધે જ ઈસ્લામે આ બાબતને ખૂબ જ મહત્વ આપ્યું છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'તમારામાં નિમ્ન કક્ષાના મરનારા પુરૂષો એ છે કે જેમણે ઘરસંસાર માંડ્યો ન હોય.'**

અને ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'શાદી કર્યા વગરના માણસની સિત્તેર રકાત નમાઝ કરતાં શાદી કરેલ વ્યક્તિની બે રકાત નમાઝ વધારે ફઝીલત ધરાવે છે.'**

વળી પયગમ્બરે ઈસ્લામ(સ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ શાદી કરે છે તે પોતાના અડધા દીનને સુરક્ષિત કરી દે છે.'**

**'ખુદા તઆલાએ મને દુનિયા છોડી દેવા અને સમાજથી અલિપ્ત રહેવા માટેના કાયદા-કાનૂન આપીને મોકલ્યો નથી પરંતુ એક મધ્યમસરના અને સરળ દીનની સાથે મબઉસ ફરમાવ્યો છે. હું રોઝા રાખું છું, નમાઝ પઢું છું અને પોતાની પત્નીઓ સાથે સહશયન પણ કરું છું. જે માણસ મને મિત્ર ગણતો હોય તે મારી સુન્નતને (પોતાની) રીત ગણે અને પત્નીઓ કરવી એ મારી સુન્નત છે.'**

પત્નીઓ દ્વારા ઘરમાં જે ગાઢ મિત્રતા અને પ્રેમ પેદા થઈ જાય છે અને જિંદગીને રૂચિકર બનાવી દે છે તે એક ધ્યાનાકર્ષક બાબત છે.

કુરઆને મજીદ ફરમાવે છે :

**'ખુદાની નિશાનીઓમાંની એક નિશાની એ છે કે તમારી પોતાની જાતિમાંથી તમારા માટે જીવનસાથી(પતિ કે પત્ની)ને પેદા કર્યા જેથી તેના દ્વારા(તમે) સંતોષ પ્રાપ્ત કરો અને તમારી વચ્ચે મિત્રતા અને પ્રેમ ઉત્પન્ન કર્યો.'**

માટે એ બાબત યાદ રાખવી જોઈએ કે પત્નીઓ માત્ર કામવાસનાને સંતોષવા માટે ન કરવી જોઈએ પરંતુ એના કરતાં વધીને એ હેતુ માટે કે તેના માધ્યમ દ્વારા સદાચારી અને ઉપયોગી વંશ અસ્તિત્વમાં આવે અને હક તેમજ સદાકત (સચ્ચાઈ)ના અનુયાયીઓમાં વૃધ્ધિ થાય.

હઝરત રસૂલે ખુદા(સ.) ફરમાવે છે :

**'નિકાહ કરો અને સંતાનોને અસ્તિત્વમાં લાવો**


**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા આયોજિત**

**મહેફિલે ઈલ્મીયા** -ક્વીઝ કોમ્પિટીશન

ફોર્મ મેળવવા તથા વધુ માહિતી માટે સંપર્ક કરો.

**મસી અકબરઅલી એ. (ઈલોલ તલાવ)**

મો. ૯૮૨૫૪૯૭૧૭૮/૯૪૨૯૩૭૦૮૫૨

**માણુસીયા આબિદઅલી ટી. (જેઠીપુરા)**

મો. ૯૨૭૬૪૦૪૧૧૦

જેથી તમે વધો (તમારી સંખ્યામાં વૃધ્ધિ થાય) કેમકે હું કયામતના દિવસે મારી ઉમ્મતની સંખ્યાના વધારા ઉપર ગર્વ કરું છું એટલે સુધી કે નિંદિત બાળકો પર પણ.'

**'ઈમાનદાર માણસોને પોતાના જીવનસાથી મેળવવાથી કઈ વસ્તુ રોકે છે ? શક્ય છે કે ખુદા તઆલા તેમને એક એવો પુત્ર અર્પણ કરે કે જે 'લાઈલાહ ઈલ્લલ્લાહ' કહીને જમીનને વજનદાર બનાવી દે.'**

ઘણા બધા લોકો એવા હોય છે કે જેઓ કોઈ એક શંકા-કુશંકાના આધારે આવા મહત્વપૂર્ણ કાર્યને બાજુ પર મૂકી દે છે. નિઃશંકપણે તેમને એવો ડર હોય છે કે ક્યાંક એવું ન થાય કે (શાદી કરવાથી) તેઓ આર્થિક મુશ્કેલીઓમાં ફસાઈ જાય. આવા લોકોને કહેવું જોઈએ કે આર્થિક પરિસ્થિતિની બીકે તેમણે પત્નીઓ કરવાથી રોકાઈ જવું ન જોઈએ.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે માણસ નાદારીના કે દરિદ્રતાના ડરથી પત્ની કરવાનું ત્યજી દે છે તે ખુદાની બાબતમાં ખરાબ ગુમાન કરે છે કેમકે ખુદા તઆલા ફરમાવે છે : (જે લોકો પત્નીઓ કરે અને) જો તેઓ ફકીર અથવા નિર્ધન બની જાય તો ખુદા તઆલા તેમને પોતાની કૃપાથી પૈસાદાર અને નિઃસ્પૃહ(સંતોષી) બનાવી દેશે.'**

અને વળી આપ ફરમાવે છે :

**'આજીવિકા પ્રાપ્ત કરવા માટે પત્નીઓ કરો કેમકે બરકતને સ્ત્રીઓમાં રાખવામાં આવી છે.'**

ઈસ્લામ ધર્મ એ બાબતને પણ એક પ્રશંસનીય બાબત અને ખૂબ મોટી સેવા ગણે છે કે (કોઈના દ્વારા) બે વ્યક્તિઓને જીવનસાથી બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે અને તેનો પાયો રચવામાં આવે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ બે ઈમાનદાર વ્યક્તિઓની શાદી(થાય તે) માટે પ્રયત્ન કરે, જેથી તેઓ એકબીજા સાથે એકરૂપ થઈ જાય, તો ખુદા તઆલા તેને જન્નતની સ્ત્રીઓ અર્પણ કરશે.' (ક્રમશઃ)** *


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



## નજરઅલી યુનુસભાઈ પીચારજી

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

# કેન્સર વિશે સામાન્ય માહિતી

***કેન્સર થવાનાં કારણો :***

*વિવિધ પ્રકારના કેન્સરમાં, વિવિધ કારણો જવાબદાર હોય છે.*

***પર્યાવરણીય પરિબળો :***

*૧. **તમાકુ :** ભારતમાં થતા કુલ કેન્સરના ૪૦% થી પણ વધુ કેન્સર તમાકુના એક યા બીજા પ્રકારના વ્યસનને લીધે થાય છે. તમાકુના વ્યસનને કારણે મુખ્યત્વે મોં, જીભ, ગળુ, સ્વરપેટી, અન્નનળી, મૂત્રાશય અને સ્વાદુપીંડનું કેન્સર થાય છે. ધુમ્રપાન કરનાર વ્યક્તિઓમાં અને તેમની પત્ની કે બાળકોમાં પણ ફેફસાંનું કેન્સર થઈ શકે છે. ધુમ્રપાનથી સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખનું કેન્સર પણ થઈ શકે છે.*

*૨. **દારૂ :** દારૂના વધુ પડતા સેવનથી અન્નનળી, જઠર, યકૃત તથા સ્તનનું કેન્સર થવાનું જોખમ ખૂબ વધી જાય છે.*

*૩. **ખોરાક :** વધુ પડતી કેલેરી અને ચરબીયુક્ત ખોરાક કે માંસાહારયુક્ત આહારથી સ્તન, ગર્ભાશય, આંતરડા, અંડગ્રંથી, પુરઃસ્થગ્રંથી, પિત્તાશયના કેન્સરની સંભાવના વધારે છે. રેસાયુક્ત ખોરાકની ઉણપથી આંતરડાનું કેન્સર થઈ શકે છે.*

*૪. **ઔદ્યોગિક પરિબળો :** ઉદ્યોગોમાં, ખેતીવાડીમાં તેમજ ઘરવપરાશમાં લેવાતા કેટલાક રાસાયણિક પદાર્થો કેન્સરજન્ય પદાર્થો તરીકે જાણીતા છે.*

*દા.ત. બેન્ઝીન, આર્સેનિક, ક્રોમિયમ, કેડમિયમ, વિનાઈલ ક્લોરાઈડ અને એસ્બેસ્ટોસ*

*૫. **વિષાણુઓ :** કેટલાંક વિષાણુઓ કેન્સર કરી શકે છે. દા.ત.*

*- હીપેટાઈટીસ-બી વાઈરસ -યકૃતનું કેન્સર*

*- હ્યુમન પેપીલોમા વાઈરસ(HPV) ગર્ભાશયના મુખનું કેન્સર*

*- હરપીસ સિમ્પલેક્ષ વાઈરસ - ગર્શાભયના મુખનું કેન્સર*

*- સાયટો મેગ્નો વાઈરસ - કોપોસી સાર્કોમાં*

*૬. **સામાજિક, કુરિવાજો, કુટેવો અને રહેણી કરણી:** ભારતમાં અને આપણા ગુજરાતમાં સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયના મુખનાં કેન્સર વધુ પડતાં જોવા મળે છે, જેના માટે પોતાની જીવન સાથીની અંગત સ્વચ્છતાનો અભાવ, નાની ઉંમરે લગ્ન, ટૂંકા ગાળાની અને વારંવારની પ્રસૂતિના કારણે ગર્ભાશયના મુખનું કેન્સર અને મોટી ઉંમરે લગ્ન, સ્તનપાન ન કરાવવું કે બાળકો જ ન હોવાં, સ્થૂળ શરીર વગેરેથી સ્તનના કેન્સરની સંભાવના રહે છે.*

***વારસાગત કારણો :***

*૧. લાંબા સમયથી ન રૂઝાતું ચાંદુ*

*૨. સ્તનમાં ગાંઠ/સ્તનની ડીંટડીમાંથી લોહી પડવું*

*૩. યોનિમાંથી દુર્ગંધવાળું પ્રવાહી પડવું.*

*૪. લાંબા સમય સુધી અવાજ બેસી જવો.*

*૫. ખોરાક-પાણી ગળવામાં પડતી તકલીફ*

*૬. લાંબા સમયથી ખાંસીના પ્રકારમાં ફેરફાર.*

*૭. શરીરમાં કોઈ પણ ભાગમાં ગાંઠ હોવી.*

*૮. ઝાડા-પેશાબની હાજતમાં અસામાન્ય ફેરફાર.*

*૯. શરીરના કોઈ પણ ભાગમાંથી અસામાન્યપણે લોહી પડવું.*

*૧૦. તલ કે મસાના કદમાં અસામાન્ય ફેરફાર.*

*ઉપરોક્ત લક્ષણો આમ તો સામાન્ય બીમારીમાં થાય છે. પણ જો ટૂંક સમયમાં અને સામાન્ય દવાની સારવારથી ઉપરોક્ત લક્ષણો દૂર ન થાય તો તેના તરફ ધ્યાન આપીને તેની તરત ડૉક્ટરી તપાસ, નિદાન તેમજ સારવાર કરાવવી જોઈએ. (ક્રમશઃ)*

*- મોમિન મેડિકલ સહાય યોજના*

*નિષ્ણાત ડોક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે*

# છૂપો ખજાનો

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*આમ તો અલ્લાહને ઓળખવા માટે અલ્લાહ તરફથી દરેક જમાનામાં જુદા જુદા પયગમ્બરો આવ્યા અને અલ્લાહના ધર્મોને લોકો સુધી પહોંચાડ્યા. છેવટે ઈસ્લામ ધર્મ આવ્યો, જેથી લોકો અલ્લાહને સારી રીતે સમજી શકે. આપણે બીજા ધર્મોની વાત છોડી દઈએ ફક્ત ઈસ્લામની વાત કરીએ તો રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે મારા પછી ઈસ્લામના તોત્તેર ફિરકા થઈ જશે. માટે મુસલમાન તો મુઝાઈ જ જાય ને કે મારે કયા ફિરકા પ્રમાણે અલ્લાહને માનવો ? આ સાચો કે બીજો સાચો ? વળી રસૂલે ખુદા(સ.)એ એમ પણ કહ્યું છે કે તોત્તેરમાંથી બોત્તેર ફિરકા જહન્નમમાં જશે. એટલે કે ઈસ્લામમાં માનવામાં પણ જોખમ કે રખેને ગુમરાહ ફિરકા પ્રમાણે આપણો અમલ થયો તો...? ઈસ્લામ ધર્મને માનીને પણ પાછું જહન્નમમાં જવાનું ? પરંતુ આ વાતથી આપણા કરતાં અલ્લાહ વધારે વાકેફ હતો તેથી તેણે માણસ માટે એવી એવી વસ્તુઓ પેદા કરી કે તેના પર મનન કરીને તે અલ્લાહને સમજી શકે.*

*હદીસે કુદસી :*

***'હું છૂપો ખજાનો હતો મારી ઈચ્છા થઈ કે હું જાહેર થાઉં તો મેં દુનિયા વસાવી.'***

*દુનિયામાં અલ્લાહે પર્વતો, નદીઓ, દરિયા બનાવ્યા તેનાથી તેની શક્તિ જણાઈ આવે છે. જંગલો જાનવરો-વિકરાળ તેમજ પાલતું જાનવરો બનાવ્યાં. પાલતુ જાનવર કે જે માણસ માટે ઉપયોગી છે, વજન ઉપાડવા માટે તેમજ દૂધ અને ખોરાક માટે તેમજ પંખીઓ, માછલીઓ તેમજ પતંગિયાંમાં તેની કલા કારીગરી દેખાય છે. સૂરજ, ચંદ્ર, વાદળોમાં પણ તેની કુદરત જણાય છે જેથી તેનાથી અનાજ, ફળો, વગેરે રોજી મેળવી શકાય છે.*

*પરંતુ આ બધી વસ્તુઓનો લાભ લઈ શકે તેવું સર્જન તેણે માણસનું કર્યું. તેને બુધ્ધિ આપી. માણસ અલ્લાહનું શ્રેષ્ઠ સર્જન. તે હઝરત આદમ(અ.) અને બીબી હવ્વાની માફક દરેકને દુનિયામાં મોકલી શકતો હતો પરંતુ તેણે એવું ન કર્યું, તેણે મા-બાપના વસીલાથી દુનિયામાં પોતાના બંદાઓને મોકલ્યા.*

*પારા-૧૫, સૂરા-૧૭, આયત-૨૩ થી ૨૫*

***અને તમારા પરવરદિગારે તો હુકમ જ આપ્યો છે કે તેના સિવાય કોઈ બીજાની ઈબાદત ન કરતા અને મા-બાપથી નેકી કરજો, જો તેમનામાંથી એક અથવા બન્ને ઘડપણની અવસ્થાએ પહોંચે અને કોઈ વાત પર ગુસ્સે થઈ જાય તો ખબરદાર એમના જવાબમાં ઉફ ન કહેતા અને ધુત્કારો નહીં જે કંઈ કહેવું સાંભળવું હોય તો ઘણા માનથી કહો અને તેમની સાથે નમ્રતાથી વર્તો. તેમના માટે દુઆ કરો, હે મારા પાલનહાર ! જેવી રીતે આ બન્નેએ મારા બાળપણમાં મારો ઉછેર કર્યો છે એવી રીતે તું પણ એમના પર રહેમ કર. તમારા દિલની વાત તમારો પરવરદિગાર ખૂબ જાણે છે જો તમે ખરેખર નેક હશો અને ભૂલથી તેમની અવગણના કરી હશે તો તે તમને માફ કરશે કેમકે તે તો તૌબા કરવાવાળાઓને મોટો માફ કરવાવાળો છે.***

*પારા-૨૧, સૂરા-૩૧, આયત-૧૪માં અલ્લાહ આવું ફરમાવે છે,*

***મારો પણ આભાર માનો અને તમારા મા-બાપનો પણ આભાર માનો.***

*આપણા મનમાં વિચાર આવે કે મા-બાપને*

આટલું બધું માન આપવાનું તેમજ તેમની કાળજી રાખવાનું શા માટે કહેવામાં આવ્યું હશે ?

આપણે દરિયા કિનારે ઊભા હોઈએ, તેના વિરાટ સ્વરૂપને જોતા હોઈએ, તેનાં ઉછળતાં મોજાંને જોઈએ તેમ છતાં પણ આપણે તેનાથી પૂરેપૂરા વાકેફ થઈ શકતા નથી પરંતુ જો આપણે હાથમાં થોડું પાણી લઈને ચાખીએ તો આપણે આખા દરિયાના સ્વાદથી વાકેફ થઈ જઈએ છીએ.

એવી જ રીતે કોઈ માણસ કોઈ ફળ લઈને આવ્યો હોય અને તે તેના વિષે વર્ણન કરે તો પણ આપણે જાણી શકતા નથી પરંતુ તે ફળનો એક ચમચી રસ ચખાડે તો તેનાથી વાકેફ થઈ જઈએ છીએ. ટૂંકમાં જે ચાખવાથી સમજી શકાય છે તે તેના વિષેના ગમે તેટલા સારા શબ્દોના વર્ણનથી સમજી શકાતું નથી.

અગિયારમા ઈમામ હસન અસ્કરી(અ.)ની તફસીર 'આસારે હૈદરી'માં છે કે અલ્લાહે પોતાની ૧૦૦ રહેમતમાંથી એક રહેમતને દુનિયામાં વહેંચી છે તેથી જ દરેક જણ પ્રેમથી વર્તે છે. દરેક માતા પોતાની ઓલાદને વહાલ કરે છે, દરેક જાનવરની માતા પોતાના બચ્ચાને વહાલ કરે છે, ઉછેરે છે, તે આના કારણે છે.

અલ્લાહે મા-બાપને **'કમા રબ્બેઆની સગીરા'** અર્થાત બાળપણમાં ઉછેરનાર (રબ) કહ્યા છે. મા-બાપ રબ છે. આપણા મનમાં વિચાર આવે કે દુનિયાનો રબ તો એક જ છે તો ઓલાદના રબ બે કેમ રાખ્યા ? અલ્લાહ કુરઆનના તૌબા સિવાયના દરેક સૂરાની શરૂઆત **બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**થી કરે છે એટલે એ અલ્લાહના નામથી શરૂ કરું છું કે જે મહાન દયાળુ અને દયા કરનાર છે.

અલ્લાહ પોતાને **રહેમાન** અને **રહીમ**થી યાદ કરવાનું વધારે પસંદ કરે છે. તેથી જ તેણે દુનિયામાં ઓલાદને ઉછેરનાર(રબ)ને એટલે કે બાપને રહેમાનમાંથી થોડોક અંશ આપ્યો અને માતાને રહીમમાંથી થોડોક અંશ આપ્યો. ટૂંકમાં ઓલાદને ઉછેરનાર રબમાં અલ્લાહનાં નામોની બે સિફતોમાંથી થોડાક અંશો મળીને મા-બાપ બન્યાં.

અલ્લાહ અને બંદાને નાના સ્વરૂપમાં જોઈએ તો મા-બાપ (દુનિયાના રબ) અને ઓલાદ થઈ જશે. મા-બાપ પોતાની ઓલાદને ઉછેરે છે તો તેમાં તેમનો પોતાનો આનંદ સમાયેલો હોય છે. આપણે કોઈ સ્ત્રીને સલાહ આપીએ કે તું ઓલાદ માટે શા માટે દુઆ માગે છે ? પેટમાં દુઃખ પર દુઃખ સહન કરીને ઓલાદને જન્મ આપે છે તેના કરતાં તો કોઈ બાળકને જ દત્તક લઈ લે ને ? તો સ્ત્રી આપણને જવાબ આપશે કે જ્યાં સુધી પોતાનું બાળક મળતું હોય ત્યાં સુધી શા માટે કોઈ બીજાના બાળકને દત્તક લઉં ? એટલે કે દુઃખ પર દુઃખ સહન કરીને પણ બાળકને જન્મ આપવા તે તૈયાર હોય છે. તો આપણા મનમાં સવાલ પેદા થશે કે તો પછી શા માટે ઓલાદને મા-બાપની અદબ જાળવવાનું અને તેમને દુઃખ ન પહોંચાડવાનું અને નમ્રતાથી વર્તવાનું કહેવામાં આવ્યું છે ?

કારણ એ જ કે મા-બાપને અલ્લાહની એક ટકા રહેમતમાંથી ૧ અંશ રહેમત મળી છે માટે જ તો તેઓ પોતાની ઓલાદનો ઉછેર કરે છે, મહોબ્બત (વહાલ) કરે છે.

દુનિયામાં જન્મ થતાંની સાથે જ દરેકને અલ્લાહની રહેમતના એક અંશનો અનુભવ થઈ જાય છે એટલે જ તો જે બાળકનાં મા-બાપ સલામત હોય છે, તે નસીબદાર હોય છે કારણ કે તેને અલ્લાહની રહેમત મળતી રહે છે અને જે બાળકનાં મા-બાપ હયાત નથી હોતાં તે અલ્લાહની રહેમતથી વંચિત થઈ જાય છે, માટે તે બદનસીબ હોય છે કારણ કે અલ્લાહની રહેમત મા-બાપ સિવાય બીજે ક્યાંય મળી શકતી નથી.

બાળકને માતાના ખોળામાં જ શાંતિ મળે છે.

જો તેને તેની પાસેથી લઈને કોઈ બીજી સ્ત્રી પાસે મૂકીએ તો તે બેચેન થઈ જશે.

જો બાળક મા-બાપની આંગળી પકડીને મેળામાં જશે તો તે મેળામાં આનંદ અનુભવશે. પરંતુ જો મેળામાં મા-બાપથી વિખૂટો પડી જાય તો તે મેળામાં બેચેન થઈ જશે. તે મેળાનો આનંદ ઉઠાવી નહીં શકે. તેનું ધ્યાન તો મા-બાપને ખોળવામાં જ લાગી જશે.

મા-બાપ પણ પોતાના બાળક માટે સમયની, પૈસાની, આરામની કુરબાની આપે છે. તેમની ઈચ્છા એવી જ હોય છે કે પોતાની શક્તિ પ્રમાણે પોતાના બાળકની સંભાળ, દેખરેખ રાખે. તેનો સારો ઉછેર થાય, તે સારો ખોરાક જમે અને સારો અભ્યાસ કરીને મોટો માણસ બને. તેમનું ધ્યાન બાળકમાં જ પરોવાયેલું રહે છે. મા-બાપના આજ્ઞાપાલનમાં રહીને તેનામાં ઈતાઅતની લાગણી જન્મે છે. મા રસોડામાં કામ કરતી હોય અને તેનું બાળક તેને સતાવતું હોય તો પણ તે બાળકને ચૂલાથી દૂર રાખશે, બળવા નહીં દે.

હવે આપણે અલ્લાહ-બંદાના સંબંધનો વિચાર કરીએ. જ્યારે મા-બાપ પોતાની ઓલાદ માટે આટલાં બધાં મહેરબાન હોય છે તો અલ્લાહ તેના બંદાઓ માટે કેટલો બધો મહેરબાન હશે !

ખોળામાં પોતાના બાળકને રાખતી મા કરતાં પણ અલ્લાહ પોતાના બંદાની વધારે નજીક છે. તે બંદાના ગળાની ધોરી નસ કરતાં પણ વધુ નજીક છે.

મા-બાપ પોતાના બાળકનો ઉછેર અને દેખરેખ રાખતાં થાકીને ઊંઘી જાય છે. અલ્લાહ પોતાના બંદાનું ચોવીસે કલાક ધ્યાન રાખે છે. તેને ઊંઘ કે આળસ આવતી નથી. મા-બાપ રહેમતના એક અંશથી બાળકને મહોબ્બત કરે છે. અલ્લાહ ૧૦૦% રહેમતથી પોતાના બંદાઓને મહોબ્બત કરે છે. મા-બાપની આંગળી પકડીને બાળકને મેળામાં આનંદ મળે છે. અલ્લાહનો ઝિકર કરવાથી બંદાઓને શાંતિ મળે છે.

જ્યારે મા-બાપ પોતાના બાળક સાથે મહોબ્બત કરે છે ત્યારે મા-બાપ દેખાય છે પણ મહોબ્બત દેખાતી નથી. અલ્લાહ પોતાના બંદા સાથે ૧૦૦% રહેમતથી મહોબ્બત કરે છે ત્યારે અલ્લાહ દેખાતો નથી, તેની ૧૦૦% રહેમત જ દેખાય છે. **વમા અરસલનાક... રેહમતુલ્લિલ આલમીન** -મેં તેમને દુનિયાઓની રહેમત બનાવીને મોકલ્યા છે. રસૂલે ખુદા(સ.) અલ્લાહની ૧૦૦% રહેમત છે. જેને પણ દુનિયામાં અલ્લાહ મહાન બનાવીને મોકલે છે તેને પોતાની રહેમતમાંથી ભાગ આપીને મોકલે છે. મા-બાપને ઓલાદ પર મહાન બનાવ્યા કારણ કે તેમને અલ્લાહની રહેમતમાંથી અંશ મળ્યો છે.

આપણે જાણવું હોય કે આટલા બધા લોકો દાવો કરે છે કે અમે મહાન, અમે મહાન તો સાચા અર્થમાં મહાન કોણ છે ? તો આપણે એ જોવું જોઈએ કે અલ્લાહની રહેમતમાંથી તેમને કંઈક મળ્યું છે ખરું ? જો રહેમતમાંથી કંઈક મળ્યું હોય તો તે અલ્લાહ તરફથી છે અને જેમને રહેમતમાંથી કાંઈ મળ્યું નથી તેમને દુનિયાના લોકોએ મોટા ગણી લીધેલા છે.

મા પોતાના તોફાની દીકરાને ચૂલામાં બળવા દેતી નથી. તેનાથી દૂર રાખે છે. તો અલ્લાહ પોતાના બંદાઓને જહન્નમમાં કેમ બળવા દેશે ? માટે જ તો તેણે પોતાના ગુનેહગાર બંદાઓ આગળ પોતાની રહેમતને આગળ કરી છે. અલ્લાહની રહેમત, રસૂલે ખુદા, તો તેમના પછી તેમના જેવા જ રહેમતવાળા આવવા જોઈએ કે જેથી ગુનેહગારોનો બચાવ થઈ શકે.

માટે જ પારા-૧, સૂરા-૨, આયત-૧૨૪ પ્રમાણે -

**અલ્લાહે જ્યારે હઝરત ઈબ્રાહીમ(અ.)ની આજમાઈશ કરી અને તેઓ તેમાંથી સફળતાપૂર્વક**

**પસાર થઈ ગયા તો અલ્લાહે હઝરત ઈબ્રાહીમ(અ.)ને લોકોના ઈમામ બનાવ્યા. હઝરત ઈબ્રાહીમ(અ.)એ અરજ કરી, કે મારી ઓલાદમાંથી પણ બનાવજે. અલ્લાહે ફરમાવ્યું, હા, પરંતુ મારો આ હોદ્દો જાલિમોને મળશે નહીં.**

હઝરત રસૂલે ખુદા(સ.) પણ હઝરત ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાંથી છે અને ઈમામો પણ ઈબ્રાહીમ(અ.)ની ઔલદમાં છે. અલ્લાહે તેમને ઈમામ બનાવ્યા. સાબિત થયું કે તેઓ જાલિમ નહોતા. જાલિમ લોકો નિર્દય હોય છે માટે સાબિત થયું કે ઈમામ નિર્દય નહીં પરંતુ દયાવાન હોય છે. રસૂલ(સ.)ની હદીસ છે કે **હુસૈનુમ મિન્ની વ અના મિનલ હુસૈન** -હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. બીજી હદીસ પ્રમાણે **અવ્વલના મોહંમદ, ઔસતોના મોહંમદ, આખેરોના મોહંમદ વ કુલ્લોના મોહંમદ** -એટલે કે રસૂલ(સ.) ઈમામો વિષે ફરમાવે છે કે તેમાંના પહેલા પણ મોહંમદ છે, વચલા પણ મોહંમદ છે અને છેવટના પણ મોહંમદ છે. એટલે જેવા મોહંમદ છે તેવા જ ઈમામ પણ છે. મોહંમદ(સ.) આલમીનની રહેમત છે, તો ઈમામ પણ આલમીનની રહેમત છે. તો આલમીનની રહેમત કેવી હોય છે તે જોવું હોય તો ચાલો કરબલાના મેદાનમાં. હઝરત ઈમામ હુસૈનના કાફલાના કુટુંબીઓ અને મિત્રો અને બાળકોને યઝીદીઓએ ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા શહીદ કર્યા. જ્યારે શીમ્ર ઈમામ હુસૈન(અ.)ને ઝુબેહ કરવા આગળ વધ્યો ત્યારે ઈમામ હુસૈન ધીમા અવાજમાં કોઈ દુઆ માગી રહ્યા હતા. શીમ્ર સમજ્યો કે યઝીદીઓ માટે બદદુઆ કરતા હશે. તેણે માથુ ઝૂકાવીને ઈમામ હુસૈનના શબ્દો સાંભળ્યા તો ઈમામ હુસૈન અલ્લાહને કહી રહ્યા હતા કે યા અલ્લાહ ! મેં મારો વાયદો પૂરો કર્યો, તું તારા વાયદાને પૂરો કરજે. રસૂલ(સ.)ની ઉમ્મતને બક્ષી દેજે. આથી જાણવા મળ્યું કે પોતાના જાલિમ કાતિલો માટે પણ આપ બદદુઆ નહોતા કરતા એટલી રહેમત આપનામાં હતી.

હવે આપણે વિચારીએ કે મા-બાપ કે જે ઓલાદ માટે રહેમત હોય છે, તેમના માટે અલ્લાહનો હુકમ છે કે તેમની અદબ જાળવો, નમ્રતાથી વર્તો, દુઃખી ન કરો.

મોહંમદ વ આલે મોહંમદ કે જે આલમીનની રહેમત છે, તેમના માટે પણ બંદાને હુકમ કર્યો કે તેમના અવાજથી તમારો અવાજ મોટો ન કરો, અદબ જાળવો. તેઓ જે હુકમ કરે તેના વિરૂધ્ધ ન વર્તો નહિતર તમારા આમાલ બેકાર થઈ જશે.

મા પોતાના તોફાની બાળકને પણ ચૂલામાં જતાં રોકે છે. તે ઈચ્છે છે કે એ બળી ન જાય. તો પછી અલ્લાહ પોતાના ગુનેગાર બંદાને કેવી રીતે જહન્નમમાં જવા દેશે ? માટે જ અલ્લાહે કે જે લોકોની નજરમાં આવવાનો નથી, ન દુનિયામાં કે ન આખેરતમાં, તો તેણે પોતાની દયાને માણસનું સ્વરૂપ આપ્યું કે જે મોહંમદ વ આલે મોહંમદ છે. અલ્લાહ ઈચ્છે છે કે મારો બંદો કેટલો ય મોટો ગુનેગાર કેમ ન હોય પરંતુ જો તે મારી રહેમત સાથે એટલે કે મોહંમદ વ આલે મોહંમદ સાથે રહેશે, તેમનાથી છેટો નહીં રહે, તો તેના ગુનાહ માફ થઈ જશે. તેણે બંદા અને પોતાના વચ્ચે મોહંમદ વ આલે મોહંમદને રાખ્યા. અલ્લાહ રહેમાન છે, મોહંમદ વ આલે મોહંમદ રહેમત છે. રહેમાન એટલે દયાળુ અને રહેમત એટલે દયા. જ્યાં સુધી માણસમાં દયા નહીં હોય ત્યાં સુધી તે કેવી રીતે દયાળુ કહેવાશે ? અલ્લાહ રહેમાન છે એટલે તેની સાથે મોહંમદ વ આલે મોહંમદની રહેમત છે. તો જો આપણી ઈચ્છા હોય કે આપણને કયામતમાં દયાળુ અલ્લાહ મળે

જાફરી આવાઝ(માસિક)ની પોતાની
વેબ સાઈટ ચાલુ થઈ ગયેલ છે.
www.jafariaawaz.com

તો જો આપણે મોહંમદ વ આલે મોહંમદ સાથે સંબંધ જાળવી રાખ્યો હશે તો આપણને દયાળુ અલ્લાહ મળશે અને જો આપણે મોહંમદ વ આલે મોહંમદનો સાથ છોડી દીધો તો આપણને નિર્દય અલ્લાહ મળશે. તો જેને પણ અલ્લાહ કોઈ દરજ્જો આપે છે તો તેને રહેમતવાળો બનાવે છે.

તમે લોકો પીરોના સિલસિલાને માની રહ્યા છો. તેમની પાસે પોતાની તકલીફોની અરજ કરવા આવતા રહ્યા છો. તો મારા કરતાં તમને વધારે ખબર હશે કે તમારા પીર દયાળુ છે કે દયાહીન ?

હઝરત ફાતેમા(અ.)ની રિવાયતથી જનાબે જાબિર બિન અબ્દુલ્લાહે હદીસે કિસાઅ બયાન કરી છે. તેમાં અલ્લાહ તઆલા બધા મલાએકાને સંબોધીને ફરમાવે છે કે અય મારા મલાએકા અને આસમાનના રહેવાસીઓ ! મને મારી ઈજ્જત અને જલાલની કસમ છે, નથી પેદા કર્યાં મેં આસમાનોને કે જેમને બનાવવામાં આવ્યાં અને જમીનને કે જેને પાથરી દેવામાં આવી અને ન નૂરાની ચંદ્રને અને પ્રકાશિત સૂર્યને, ન આકાશને કે જે ફરે છે અને ન પ્રવાહિત દરિયાને અને કશ્તીને કે જે દરિયામાં ચાલે છે, પરંતુ આ પાંચ બુઝુર્ગવારોની મહોબ્બતમાં કે જે આ ચાદરની નીચે છે.

હદીસે કિસાથી જાણવા મળે છે કે અલ્લાહે ફક્ત પંજેતન પાક માટે જ દરેક વસ્તુનું સર્જન કર્યું છે, અને હદીસે કુદસીથી જાણવા મળે છે કે અલ્લાહને જાહેર થવું હતું એટલે દુનિયાને વસાવી. સાબિત થયું કે અલ્લાહને જાહેર થવામાં પંજેતન પાક સૌથી વધારે મદદરૂપ હતા કારણ કે અલ્લાહે પંજેતન પાકને પોતાના નૂરથી બનાવ્યા છે અને તેમનાં નામોમાંથી પણ પોતાના નામમાંથી જ રાખ્યાં છે.

અલ્લાહનાં નામો તેના ગુણો (સિફતો) દર્શાવે છે એટલે કે પંજેતન પાક અલ્લાહના નૂરથી પણ જુદા નથી અને અલ્લાહના ગુણ (સિફત) થી પણ જુદા નથી. હઝરત અલી(અ.) પંજેતન પાકમાંથી એક છે. તેમના માટે જંગે ઓહદમાં નાદે અલી ઉતરી. તેમાં પણ રસૂલ(સ.)ને સંબોધીને અલ્લાહ ફરમાવે છે કે અજાએબે ખુદાના જાહેર કરવાવાળા

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

૨

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبَّنَا لَا تُؤَاخِذۡنَاۤ اِنۡ نَّسِیۡنَاۤ اَوۡ اَخۡطَاۡنَا ۚ رَبَّنَا وَلَا تَحۡمِلۡ عَلَیۡنَاۤ اِصۡرًا کَمَا حَمَلۡتَہٗ عَلَی الَّذِیۡنَ مِنۡ قَبۡلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَۃَ لَنَا بِہٖ ۚ وَاعۡفُ عَنَّا ٝ وَاغۡفِرۡ لَنَا ٝ وَارۡحَمۡنَا ٝ اَنۡتَ مَوۡلٰىنَا فَانۡصُرۡنَا عَلَی الۡقَوۡمِ الۡکٰفِرِیۡنَ ﴿۲۸۶﴾

**રબ્બના લા તોઆખિઝના ઈન્નસૈના ઔ અખ્તલ્ના રબ્બના વલા તહ્મિલ્ અલૈના ઈસ્રન કમા હમલ્તહુ અલલ્લઝીન મિન્કબ્લેના રબ્બના વલા તોહમ્મિલના મા લાતા કતલના બેહી વઅ્ફો અન્ના વગ્ફિર લના વર્હમ્ના અન્ત મૌલાના ફન્સુરના અલલ કૌમિલ કાફેરીન.**

(પારો-૩, સૂરએ બકરહ, આયત-૨૮૬)

અર્થ : અય અમારા પરવરદિગાર! જો અમે ભૂલી જઈએ અથવા તો કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડતો નહીં અને અય અમારા પરવરદિગાર ! અમારા ઉપર એવો બોજો નાખતો નહીં જેવો કે અમારા પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો અને હે અમારા પરવરદિગાર ! અમારાથી એટલું (બધું) ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની અમારામાં શક્તિ નથી અને અમારાથી દરગુઝર કર અને અમને માફ કરી દે અને અમારા પર દયા કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

અલી ઈબ્ને અબીતાલિબને જરા પોકારો તો ખરા, તમે દરેક મુસીબત અને બલામાં તેમને પોતાનો મુશ્કિલકુશા પામશો.

તો જેવી રીતે અલી(અ.) અલ્લાહના અજાએબને જાહેર કરનારા છે તેવી જ રીતે પંજેતન પાક તેમજ ચૌદ માઅસુમીન(અ.) પણ છે કે જે અલ્લાહના નૂરથી બનેલા છે અને દરેકને માટે રસૂલ(સ.) ફરમાવે છે કે બધા પોતાના જમાનાના મોહંમદ જ છે. તેમના બધાથી અલ્લાહની અજાએબાતને જાહેરમાં જોઈ શકાય છે. માટે જ અલ્લાહે કે જે દુનિયા અને આખેરતમાં દેખાવાનો નથી તેણે પોતાની જાતને, પોતાની શક્તિને જાહેર કરવા માટે મોહંમદ વ આલે મોહંમદને પેદા કર્યા કે જેમને **યદુલ્લાહ, વજહુલ્લાહ, ઉઝનુલ્લાહ, નફસુલ્લાહ** જેવાં નામ આપ્યાં છે. અલ્લાહ એમ ઈચ્છે છે કે જો તમને મારી સાચી ઓળખાણ જોઈતી હોય તો, તેમને જુઓ અને મને ઓળખો. ✻


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીઝ, વર્ટીકલ ફ્રીઝ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**



વશી એહમદ અબ્બાસ લોરીયા (મેતાવાલા) મો.૯૭૨૭૬૦૭૦૭૨
૯૭૨૬૧૭૩૦૬૫

**અલ-ફાઝીલ**

**કોમ્પ્યુટર્સ**

**સેલ્સ & સર્વિસ**



❁ કોમ્પ્યુટરની દરેક સમસ્યાનું ચોક્કસ અને સંતોષકારક નિવારણ
❁ નવા કોમ્પ્યુટર તેમજ એસેસરીઝ માટે મળો
❁ સંસ્થાઓમાં ખાસ સેવાઓ પૂરી પાડવામાં આવશે.
❁ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાકટ લેવામાં આવશે.

૧૦૬, અપ્સરા હોટલની ઉપર, પીરોજપુરા રોડ, છાપી હાઈવે – ૩૮૫૨૧૦

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૪**

*અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.*
*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)*

**અચ્છે કામ ઔર લોગોંકી હાજત પૂરી કરનેકી તર્ગીબ**

*ઈમામ હુસૈન(અ.)નો ખુત્બો છે, સારાં કાર્યો કરવા અને લોકોની જરૂરિયાત પૂરી કરવાના વિષય ઉપર.*

***અય લોગો ! કરામતો બુઝુર્ગવારીમેં એક દુસરે પર સબ્કત ઔર અચ્છે કામમેં જલ્દી કરો.*** *જયાં ઈજ્જત મળતી હોય એવાં કાર્યોમાં એકબીજાની સ્પર્ધા કરો અને સારાં કાર્યો કરવામાં મોડું ન કરો, ઉતાવળ કરો.*

***કારે ખૈર મેં જલ્દી કીયે બગૈર ઉસકો અચ્છે ન સમજો.*** *તમારાં સદ્કાર્યોમાં તમે મોડું કરી નાખો તો આ વાતને તમે સારી ન જાણો.* ***નેક કામ અંજામ દેકર દુસરોંકી તારીફ કે મુસ્તહબ બનો.*** *સારાં કાર્યો કરીને બીજા લોકો પ્રશંસા કરે એવા તમે બની જાઓ.* ***ઔર કારે ખૈરમેં સુસ્તી કે ઝરીયે લોગોંકી ઝબાન મઝમ્મતમેં મત ખુલવાઓ.*** *તમે સદ્કાર્યોમાં આળસ કરીને બીજા લોકોની વાણી તમારા વિરૂધ્ધ શરૂ ના કરાવો.*

***અગર તુમને કીસી કે સાથ નેકી કી ઔર ઉસને તુમ્હારા શુક્રિયા અદા ન કીયા તો ગમગીન ન હો.*** *કોઈની સાથે તમે નેકી કરો અને તે તમારો આભાર ન માને તો દુઃખી ન થઈ જાઓ.* ***ક્યું કે ખુદાવંદે આલમ કરીમ હૈ*** *કારણ કે અલ્લાહ કરીમ છે, કરમ કરવાવાળો છે.* ***ઔર તુમ કો લાઝવાલ નેઅમતોંસે નવાઝેગા.*** *અને તેના બદલામાં અલ્લાહ કદી ખતમ ન થાય તેવી નેઅમતોથી તમને નવાજવાવાળો છે.* ***ઔર યકીનન ખુદા કા અતાકર્દા અજ્ર સબસે બહેતરો અઝીમ છે.*** *અને અલ્લાહ જે બદલો આપે તેના કરતાં સારો બદલો બીજો કોઈ આપી જ ન શકે.*

***યાદ રખ્ખો લોગોંકી ઝરૂરતોંકા તુમસે વાબિસ્તા હોના ખુદાકી તરફસે તુમ્હારે લીયે બહોત બડી નેઅમત હૈ.*** *લોકો, જ્યારે જરૂર પડે ત્યારે તમારી મદદ માગતા હોય, આ તો અલ્લાહની એક બહુ મોટી નેઅમત છે તમારા માટે.* ***પસ હરગિઝ ઉનકે સવાલ કરનેસે કબિદાખાતિર ન હોના.*** *લોકો માગે ત્યારે જરા ય પણ દિલ નાનું ન કરતા તમે.* ***ક્યું કે વો અતાએ પરવરદિગાર તુમ્હારે લીયે બલાએ જાન બન જાયેગી.*** *તમારી પાસે અલ્લાહે આપેલી એ જ બધી નેઅમતો હશે અને તમે ખેરાત નહીં કરતા હો, તમે સારાં કાર્યોમાં વાપરતા નહીં હો તો એ જ નેઅમતો તમારા માટે જીવનું જોખમ બની જશે.*

***આગાહ હો જાઓ, કારે ખૈર લોગોંકી તારીફો સતાઈશ ઔર ઉખ્રવી જઝા ઔર ઈનામ કા બાઈસ હૈ.*** *જાણી લો કે તમને સત્કાર્યોના બદલામાં લોકોની પ્રશંસા અને આખેરતનાં ઈનામ મળે છે.* ***ચુનાન્ચે અગર યે ભલાઈ મુજસ્સમ હો જાતી તો ઉસે તુમ લોગ એક ઐસી ખૂબસૂરત ઈન્સાનકી શકલમેં પાતે જો દેખનેવાલોંકો મસરૂર કર દે.*** *તો જાણે કે આ તમારાં સત્કાર્યોને જો માણસનું સ્વરૂપ આપવામાં આવે તો તે એવો સુંદર માણસ બની જાય કે તેને જોઈને લોકો ખુશ થઈ જાય.*

***ઈસી તરહ અગર બૂરાઈ મુજસ્સમ હો જાતી તો ઉસે તુમ લોગ એક ઐસે બદશકલ આદમી કી સૂરતમેં પાતે કે દેખકર દિલ મુતનફ્ફિર હો જાતે***

**ઔર આંખેં દેખના પસંદ ન કરતી.** અને આવી જ રીતે તમારાં જે ખોટાં કાર્યો છે તેને માણસનું સ્વરૂપ આપી દેવામાં આવે તો એક એવા ભૂંડા માણસનું સ્વરૂપ લઈ લે કે જેને નજર જોવાનું પસંદ ન કરે અને દિલ તેનાથી નફરત કરવા લાગે.

**અય લોગો ! જો શખ્સ અતાઓ બક્ષિસસે કામ લેતા હૈ, સૈયદો સરદાર બન જાતા હૈ.** હે લોકો! જે માણસ ખેરાત કરે છે, લોકોની મદદ કરે છે, તે લોકોમાં આગળ પડતો સરદાર બની જાય છે. **ઔર જો કંજૂસી દિખાતા હૈ ઝલીલો ખાર હો જાતા હૈ.** અને જે કંજૂસી દેખાડે છે, તે લોકોની વચ્ચે બરબાદ થઈ જાય છે.

**સબસે બડા સખી વો હૈ જો ઉમ્મીદ સે ઝિયાદા અતા કરે.** સૌથી વધારે સખાવત કરનારો માણસ એ છે કે જે લોકોની આશા કરતાં વધારે તેમને આપે. **ઔર લોગોમેં સબસે બડા અફવો દરગુઝર કરનેવાલા વો હૈ જો કુદરતો તાકાત કે બાવજૂદ માફ કર દે.** અને સૌથી મોટો માફ કરવાવાળો લોકોની અંદર એ છે કે જેને સજા કરવાનો અધિકાર આપી દીધેલો હોય તેમ છતાં તે સજા ન કરે અને માફ કરી દે. **ઔર સબસે બડા સિલએ રહમ, યા રિશ્તેદારોંસે હુસ્ને સુલૂક કરનેવાલા વો હૈ જો રિશ્તા તોડનેવાલોં સે સિલએ રહેમ કરે.** સિલએ રહેમ ઈસ્લામમાં એક મહત્વનો ભાગ ભજવે છે. સિલએ રહેમ એને કહેવાય છે કે જે સગા સંબંધી હોય તેને, ઈસ્લામમાં તેના માટે એક શબ્દ છે, એક પરિભાષા છે, જેને રહેમ કહેવામાં આવે છે અને સિલ એટલે સગા સંબંધી હોવાનો સિલો, એનો બદલો. જ્યારે આપણે આપણા સગા સંબંધીઓ સાથે સદવ્યવહાર કરીએ છીએ તો ઈસ્લામ તેને, તે સદકાર્યને એક નવું નામ આપે છે અને તેનું નામ છે સિલએ રહમ. તેના ઘણા ફાયદાઓ છે. તો હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે સૌથી સારો સિલએ રહમ કરનારો એ છે કે જો તેના સંબંધીઓ તેનાથી સંબંધ કાપી નાખતા હોય તો ય સામે ચાલીને તેમની સાથે સત્કાર્યો કરે. તેવી સિલે રહેમ કરનારો સૌથી ઉત્તમ સિલએ રહમ કરનાર છે.

શા માટે ? ઈમામ હુસૈન(અ.) આની સમજૂતી પણ આપે છે. **ક્યું કે દરખ્ત જડોં ઔર શાખોં કો ગિઝા પહુંચાને સે બઢતા ઔર મઝબૂત હોતા હૈ.** જો ઝાડને વિશાળ થવું હોય તો ઝાડે શું કરવું પડે ? તેના મૂળ અને તેની ડાળીઓને સારો ખોરાક આપવો પડે. તો જ ઝાડ વિશાળ થાય અને મૂળ અને ડાળીઓને કોઈ ખોરાક ન આપે તે ઝાડ કદીય મોટું થવાનું નથી.

**જો શખ્સ અપને મોમિન ભાઈકી હાજત પૂરી કરનેમેં જલ્દી કરે કલ કયામત કે દિન જબ ઉસસે મુલાકાત હોગી,** એવો માણસ કે જે પોતાના મોમિન ભાઈની જરૂરિયાત પૂરી કરવામાં જલ્દી કરશે, મોડું નહીં કરે તો જ્યારે કયામત આવશે તો **(ઉસ નેકીકા ઈનામ) પા લેગા.** તો તેનો બદલો કયામતમાં તે પામી લેશે. **ઔર જો શખ્સ ખુશનુદીએ ખુદા કે લીયે અપને મોમિન ભાઈ કે સાથ એહસાન કરે** અને કોઈ માણસ અલ્લાહની ખુશી ખાતર મોમિન ભાઈ સાથે પરોપકાર કરે તો **ખુદાવંદે આલમ જીસ દિન ઉસકો ઝરૂરત હોગી ઉસી જગહ ઈનાયત કરેગા.** તો જ્યારે તેને જરૂર પડશે ત્યારે અલ્લાહ તેને તેનો બદલો આપી દેશે. **ઔર ઉસને જીતના એહસાન કીયા થા ઉસસે ઝિયાદા ઉસકી દુન્યવી મુસીબતોં કો દૂર કર દેગા.** અને જેટલો પરોપકાર કર્યો હશે તેના મોમિન ભાઈ સાથે એના કરતાં વધારે મુસીબતો તેના માથેથી ટાળી દેશે.

**ઔર જો શખ્સ કીસી મોમિનકા ગમ દૂર કરે, ખુદાવંદે આલમ ઉસસે દુન્યાઓ આખેરત કે ગમકો દૂર કર દેગા.** અને જે માણસ કોઈ મોમિનના દુઃખને

ટાળી દે તો અલ્લાહ, દુનિયા અને આખેરતનાં દુ:ખોને તેનાથી ટાળી દેશે. **ઔર જો કીસી મોમિન કે સાથ નેકી કરે, ખુદા ઉસકે સાથ નેકી કરેગા.** અને જે કોઈ માણસ મોમિન સાથે નેકી કરે તો અલ્લાહ તેની સાથે પણ નેકી કરશે.

આખા ખુત્બામાં પરોપકાર કરવા વિશે તાકીદ કરેલ છે અને કોની સાથે ? તો મોમિન સાથે. તો મોમિન સાથે હઝરત ઈમામ હુસૈન(અ.)એ શબ્દ વાપર્યો છે એનો અર્થ એ નથી કે જે મોમિન ન હોય તેની સાથે પરોપકાર ન કરવો અને તેમને ધુત્કારવું. જે મોમિન ન હોય અને તમારો પડોશી હોય, બીજી રીતે નોકરીમાં કે જુદી જુદી જગ્યાએ તમારી સાથે રહેતા બીજી કોમના પણ લોકો હોય તેમના પણ જુદા અધિકારો છે અને કુરઆન શરીફે તે બધા અધિકારો એમને આપેલા છે. અહીં મોમિન વિશે વાત થઈ રહી છે માટે ઈમામ હુસૈન(અ.)એ ફક્ત મોમિન શબ્દનો ઉપયોગ કર્યો છે.

છેલ્લે ઈમામ હુસૈન(અ.) કુરઆન શરીફની એક આયત તિલાવત ફરમાવે છે : **'વલ્લાહો યોહિબ્બુલ મુહસેનીન'** (સૂરએ આલે ઈમરાન, આયત-૧૪૮) **ઔર ખુદાવંદે આલમ કારે ખૈર કરનેવાલોં કો દોસ્ત રખતા હૈ.** અલ્લાહ મુહસેનીન - અહેસાન કરવાવાળો, એહસાન એટલે પરોપકાર પણ થાય, સત્કાર્યો પણ થાય અને સુંદર કાર્યો પણ થાય. અલ્લાહ સત્કાર્યો કરનારાઓની સાથે મોહબ્બત કરે છે, તેમને દોસ્ત રાખે છે.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને નેકીઓ કરવાની નેક તૌફીક આપે.** (ક્રમશ:)

(ઈલોલ તલાવ, તા.૧૯-૧૦-૨૦૦૯, સોમવાર)

## G. K. Corner Solution 103

(૧) ઈલોરા (૨) ફિઝીક્સ (૩) એફિડેવિટ (૪) ૧, મે-૧૯૬૦ (૫) ડાંગ (૬) ૯૮.૪ (૭) પાકિસ્તાન (૮) ડૉ. ઈકબાલ

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ઈસ્લામી ક્વીઝ નં. ૧૧૩

**(૧) નમાઝમાં સલામ પઢ્યા પછી ત્રણ વખત 'અલ્લાહો અકબર' કહેવું -**
(A) સુન્નત છે (B) મુસ્તહબ છે
(C) વાજિબ છે

**(૨) આસમાની કિતાબ ઝબૂર હઝરત દાઉદને આપવામાં આવી જેમાં -**
(A) માનવ સદ્ગુણોના ફઝાઈલ છે
(B) બોધપાઠ અને હિદાયત છે
(C) ઈન્સાન અને જિન્નાત માટે કયામત સુધીનું માર્ગદર્શન છે

**(૩) કલામે ખુદા કુરઆનની પ્રથમ મંઝિલ કઈ છે?**
(A) સિદ્રતુલ મુન્તહા (B) લૌહે મહેફુઝ
(C) અર્શે બરી

**(૪) હઝરત મૂસા(અ.)ના જમાનામાં કઈ બાબતનું વધારે જોર હતું ?**
(A) જાદૂનું (B) કોઢીઓને સાજા કરવાનું
(C) મૂડદાંને સજીવન કરવાનું

**(૫) આપણા ઈમામોમાંથી કયા ઈમામે 'સલુની કબ્લ'નો દાવો કર્યો હતો ?**
(A) હઝરત અલી(અ.)એ
(B) હઝરત ઈમામ હુસૈન(અ.)એ
(C) હઝરત ઈમામ મહેંદી(અ.)એ

**(૬) જન્નતમાં શાની ચાર નહેરો છે ?**
(A) પાણી, ઘી, દૂધ, મધની
(B) પાણી, દૂધ, મધ, શરાબની
(C) પાણી, દૂધ, મધ, શરબતની

**(૭) અલ્હમ્દના સૂરામાં કુલ કેટલી આયતો આવેલી છે ?**
(A) પાંચ (B) છ (C) સાત

**(૮) ઈસ્લામી પરિભાષામાં આકાશમાં રાત્રે ખરતા તારાને શું કહે છે ?**
(A) સહાબ (B) બુરૂઝ (C) અસ્હાબ

# ગ ડ મ થ લ

૨૧૨

::::: સંપાદકઃ:::::
મો. આબિદઅલી મીક્દાદઅલી
ડોડીયા (ઝહીરાબાદ-મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | ૬ | ■ |
| | ■ | ૭ | | | ૮ | ■ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | | |
| ૧૩ | ૧૪ | ■ | ■ | ૧૫ | | | ■ | ■ | |
| ■ | ૧૬ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ■ | ૨૧ | | | | ■ |
| ૨૨ | | ■ | ૨૩ | | | ■ | ■ | | ■ |
| ૨૪ | | | | ■ | ■ | ૨૫ | ૨૬ | | ૨૭ |
| | | ■ | ૨૮ | | ૨૯ | | | ■ | |
| ■ | ૩૦ | | | ■ | | ■ | ૩૧ | | |

### ::::: આડી ચાવીઓ :::::

(૧) બીજા ઈમામનો મશહૂર લકબ (૪)
(૪) ધનુષ્ય, તીર ચલાવવાનું યંત્ર (૩)
(૭) લુચ્ચો, ગુંડો, લોફર (૪)
(૯) જીભ, ઝબાન, ભાષા (૩)
(૧૧) આગામી દિવસ (૨)
(૧૨) શાંતિ, રાહત (૩)
(૧૩) કરબલાનું એક નામ (૨)
(૧૫) પ્રમુખ, સભાપતિ (૩)
(૧૬) ઘોડો, અશ્વ (૪)
(૧૮) યહૂદીઓના એક કિલ્લાનું નામ (૩)
(૨૦) સ્નાનગૃહ, બાથરૂમ (૩)
(૨૧) કાર્ય કરવા માટેનું સ્થળ (૪)
(૨૨) પરવરદિગાર (૨)
(૨૩) અરબીમાં ગાય માટેનો શબ્દ (૩)
(૨૪) વારંવાર (૪)
(૨૫) રસ્તો બતાવનાર, પથપ્રદર્શક (૪)
(૨૮) સાથે મુસાફરી કરનાર, સહપ્રવાસી (૫)
(૩૦) મિત્ર, દોસ્ત (૩)
(૩૧) એક પ્રકારનું નગારું, તબલું (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) અલ્લાહની હમ્દો સના સાથે દુઆ (૪)
(૨) મોટી રકાબી, થાળ (૩)
(૩) વાદળુ (૩)
(૫) ધણી, સ્વામી (૩)
(૬) ખ્રિસ્તીઓ (૩)
(૮) મધ (૩)
(૧૦) એક ફૂલનું નામ (૪)
(૧૪) આજ્ઞાકિંત, આજ્ઞાપાલક (૭)
(૧૫) મસ્તક, માથુ (૨)
(૧૭) અમે, આપણે (૨)
(૧૯) યોગ્ય, ઉચિત (૪)
(૨૦) દરેક વખતે (૪)
(૨૧) કાર્ય, કામ (૨)
(૨૩) સાચો (૪)
(૨૫) અંગ્રેજી ભાષામાં ખરબચડું (૨)
(૨૬) આશ્ચર્ય, નવાઈ (૩)
(૨૭) કુરઆન મૂકવા માટેની બેઠક (૩)
(૨૯) હરોળ, હાર, લાઈન (૨)

## ગડમથલ નં.૨૧૧નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | યા | ૨ મ | ■ | ૩ જાં | ■ | ૪ શા | ૫ મ | શે | ૬ ર |
| લે | ■ | હે | ■ | ૭ નિ | સા | ■ | ક્કા | ■ | મ |
| ૮ મા | ૯ હિ | ર | ■ | સા | ■ | ૧૦ દ | ર | ૧૧ વા | ઝા |
| ■ | જા | ■ | ૧૨ કા | ર | વાં | ■ | ■ | ૧૩ દિ | ન |
| ૧૪ શ | બ | ૧૫ ન | મ | ■ | ■ | ૧૬ અ | ૧૭ તા | ■ | ■ |
| ■ | ■ | ૧૮ ફ | રા | ઈ | ૧૯ ઝ | ■ | ૨૦ ક | ૨૧ સ | ૨૨ સ |
| ૨૩ ન | ■ | ૨૪ ર | ન | ■ | ર્દ | ■ | ૨૫ ત | લા | ક |
| ૨૬ વા | ૨૭ વ | ■ | ■ | ૨૮ લા | ■ | ૨૯ સુ | ■ | ૩૦ ત | ર |
| ૩૧ ફિ | ર | ૩૨ ઔ | ૩૩ ન | ■ | ૩૪ મ | ન્ન | ૩૫ ત | ■ | ■ |
| લ | ■ | ૩૬ ઝ | મી | ર | ■ | ૩૭ ત | ક | દી | ર |

# Superman In Islam

## સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

અમે કહી ચૂક્યા છીએ તેમ વૈજ્ઞાનિક વિષયોમાંથી કોઈ એવો વિષય નથી કે જેના ઉપર ઈમામ જાફર સાદિક(અ.)એ વિચાર વ્યક્ત કર્યો ન હોય અને આપના કેટલાક વિચારો કે જે અત્યાર સુધી અમારી સામે આવ્યા છે તે આપની વૈજ્ઞાનિક સિધ્ધિનો પુરાવો છે. આપની સઘળી થીઅરીઓમાંથી તારાઓ વિશે આપની એક થીઅરી એ પણ છે કે જે તારા રાત્રે આપણે આકાશમાં જોઈએ છીએ તેમાંથી એવા તારાઓ પણ છે કે જે એટલા બધા પ્રકાશિત છે કે સૂર્યનો પ્રકાશ એમની સામે કંઈ વિસાતમાં જ નથી.

તારાઓ વિશે માનવજાતિની સીમિત જાણકારી ઈમામ જાફર સાદિક(અ.) અને તેમના પછી આવનારા જમાનાથી લઈને આજ સુધી આ હકીકતને સમજવામાં અડચણરૂપ બની રહી. એ જમાનામાં માણસ વિચારતો હતો કે જે કંઈ ઈમામ જાફર સાદિક(અ.)એ તારાઓ વિશે કહ્યું છે તે બુધ્ધિથી પર અને સ્વીકાર્ય નથી અને એ વાત અશક્ય લાગે છે કે આ નાનાં નાનાં પ્રકાશિત બિંદુઓ કે જેમને તારાઓનું નામ આપવામાં આવે છે તે એટલા બધા પ્રકાશિત હોય છે કે સૂર્ય તેમની સામે ઝાંખો લાગે. આજે જ્યારે ઈમામ જાફર સાદિક(અ.)ને થયે સાડા બારસો વર્ષ થઈ ગયાં છે ત્યારે એ વાતનો પુરાવો મળી ચૂક્યો છે કે જે કંઈ આ સન્માનનીય માણસે કહ્યું છે તે સાચું છે અને કાઈનાતમાં એવા તારા અસ્તિત્વ ધરાવે છે કે જેમના પ્રકાશ સામે આપણો સૂર્ય ઝાંખો દેખાય છે. આ પ્રકાશિત તારાઓને ક્વેઝાર* **(Quasar)** કહેવામાં આવે છે. એમાંના કેટલાક પૃથ્વી કરતાં નવ હજાર મિલીયન(નવ અરબ) પ્રકાશ વર્ષ દૂર છે અને આજે દિવસે અને રાત્રે રેડિયો ટેલિસ્કોપની આંખ સુધી પહોંચવાવાળાં કિરણો નવ અરબ વર્ષનું અંતર કાપ્યા પછી પૃથ્વી સુધી પહોંચે છે. અમે અહીં દિવસ અને રાતની વાત કરી છે અને શક્ય છે કે વિચારવામાં આવે કે અમે ભૂલ કરી છે કારણ કે તારા તો ફક્ત રાત્રે જ દેખાય છે. પરંતુ હવે એ દિવસો પૂરા થયા કે જ્યારે માણસ પાસે રેડિયો ટેલિસ્કોપ* નહોતું પરંતુ આજે ત્રણસો મીટર વ્યાસ ધરાવતું ટેલિસ્કોપ પોર્ટોરિકોમાં આવેલું છે તેની મદદથી દિવસે ય તારાઓને

---

* આ શબ્દ કેટલાક અંગ્રેજી શબ્દોનો સમૂહ છે કે જેનો અર્થ થાય છે તારા જેવી એવી વસ્તુ કે જે કિરણોનો સ્ત્રોત છે **(QUASi-stellAr radio source)**.

* રેડિયો ટેલિસ્કોપની શક્તિને દર્શાવવા માટે અમે બસ આટલું કહી દેવા માગીએ છીએ કે ફૂટબોલના મેદાનની લંબાઈ ૧૦૦ મીટર હોય છે જ્યારે કે રેડિયો ટેલિસ્કોપની લંબાઈ ફૂટબોલના મેદાન કરતાં ત્રણ ગણી છે.

જોઈ શકાય છે. કેટલાક ક્વેઝારનો પ્રકાશ આપણા સૂર્યના પ્રકાશ કરતાં દસ હજાર અરબ ગણો વધારે છે. અહીં ન તો અમે ભૂલ કરી છે કે ન તો અતિશયોક્તિ કરી છે. તારાનો પ્રકાશ માપવા માટે અમારી પાસે માપનો ફક્ત એક જ એકમ છે અને તે છે સૂર્યનો પ્રકાશ. કેટલાક ક્વેઝાર એટલા બધા પ્રકાશિત છે કે તેમનો પ્રકાશ સૂર્યના પ્રકાશ કરતાં દસ હજાર અરબ ગણો વધારે છે. માટે કોઈ પણ જાતની અતિશયોક્તિ કર્યા વગર અમે કહી શકીએ છીએ કે આપણો સૂર્ય ક્વેઝારની સરખામણીમાં ઓલવાયેલો એક દીવો છે.

આ વાતની સારી રીતે કલ્પના કરવા માટે એક એકડો લખો અને તેની જમણી બાજુ ૧૬ મીંડાં લખી નાખો. આ તારાઓમાંના પહેલા તારાની શોધ ઈ.સ. ૧૯૬૩માં થઈ હતી અને આજ સુધી તેઓમાંના બસો કરતાં વધુ શોધાઈ ચૂક્યા છે ત્યારે હવે વૈજ્ઞાનિકો એક એવું રેડિયો ટેલિસ્કોપ બનાવવામાં લાગ્યા છે કે જેની શક્તિ ત્રીસ ચોરસ કિલોમીટર જેટલા વિસ્તાર ધરાવતા દૂરબીનની શક્તિના બરાબર હશે. અમારા કહેવાનો આશય એ કે તે ત્રીસ કિલોમીટર વિસ્તાર ધરાવતા દૂરબીન જેવો હશે નહીં કે તે પોતે ત્રીસ કિલોમીટર વિસ્તાર ધરાવતો હશે કારણ કે રેડિયો ટેલિસ્કોપ માટે કોઈ એવું દૂરબીન બનાવી શકાયું નથી કે જેનો વિસ્તાર ત્રીસ કિલોમીટર હોય.

આ રેડિયો ટેલિસ્કોપ માટે વૈજ્ઞાનિકોએ આવી રીતે આયોજન કર્યું છે કે રેડિયો ટેલિસ્કોપના એન્ટેનાને કોઈ જગ્યાએ અંગ્રેજીના અક્ષર **Y**ના આકારમાં એવી રીતે લગાવવામાં આવશે કે આ **Y**ની ત્રણ પાંખોમાંથી દરેક એકવીસ કિલોમીટરની હશે અને આ એન્ટેના લોખંડના પાટા ઉપર મૂકવામાં આવશે કે જેથી તેમને ઈચ્છા મુજબ આમ તેમ લઈ જઈ શકાય. આ એન્ટેનાઓનો કુલ ઘેરાવો એકવીસ કિલોમીટરનો હશે. આની શક્તિ કોઈ પણ અન્ય રેડિયો ટેલિસ્કોપની શક્તિ કરતાં વધારે હશે. પછી આ મહાકાય રેડિયો ટેલિસ્કોપનો ક્વેઝાર જોવા માટે ઉપયોગ કરવામાં આવશે કે જેથી તેના વડે સારી રીતે ક્વેઝારને જોઈ શકાય.

ખગોળશાસ્ત્રીઓએ ઈસવી સનની અઢારમી સદી પછી ધીમે ધીમે ટેવ પાડી દીધી હતી જેથી કાઈનાતમાં શોધાનારા મોટા મોટા અને પ્રકાશિત તારાઓ વિશે આશ્ચર્ય પ્રગટ નહોતા કરતા. તો ય જ્યારે ઈ. સ. ૧૯૬૩માં પહેલો ક્વેઝાર શોધાયો તો ખગોળશાસ્ત્રીઓ અચંબિત થઈ ગયા અને જ્યારે તેમણે દૂર સુદૂરમાં એક ક્વેઝાર ઉપર સંશોધન કરવા માટે ટેલિસ્કોપની આંખ સાથે પોતાની આંખ મેળવી તો તેમણે પોતાના માથાને બન્ને હાથોમાં પકડી લીધું કે કદાચ એવું ન થાય કે તેમની બુધ્ધિ તેમના માથા પરથી ઉડી જાય અને તેઓ પાગલ થઈ જાય.

અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ તેમ દૂર સુદૂરમાં અસ્તિત્વ ધરાવનારા ક્વેઝાર પૃથ્વી કરતાં નવ અરબ પ્રકાશવર્ષના અંતરે આવેલા છે જ્યારે કે આઈનસ્ટાઈનનું કહેવું એવું હતું કે કાઈનાતનો ઘેરાવો ત્રણ અરબ પ્રકાશવર્ષ કરતાં વધારે નથી. અવકાશીય વિસ્તાર કે જેને પ્રકાશ નવ અરબ વર્ષમાં કાપે છે તેના માટે ફક્ત આટલું જાણવું ઘણું છે કે પ્રકાશ દર વર્ષે નવ હજાર પાંચસો અરબ કિલોમીટરનું અંતર કાપે છે. આવી રીતે આપણે ક્વેઝાર અને પૃથ્વી વચ્ચેનું અંતર જાણવા માટે નવ

હજાર પાંચસો અરબ કિલોમીટરનો નવ અરબ વર્ષ સાથે ગુણાકાર કરવો જોઈએ. આ અંતર કે જે માણસની બુધ્ધિમાં આવી શકે એવું નથી તેના કરતાં ય વધારે આશ્ચર્યચકિત કરનારી વસ્તુ ક્વેઝારનો પ્રકાશ છે કે જેણે વૈજ્ઞાનિકોની બુધ્ધિને ભ્રષ્ટ કરી દીધી. આ પ્રકાશ કે જે સૂર્યના પ્રકાશ કરતાં દસ હજાર અરબ ગણો વધારે છે અને વૈજ્ઞાનિકો અત્યાર સુધી એ બાબતને શોધી શક્યા નથી કે તે કઈ ઉર્જા છે કે જે આ પ્રકાશને અસ્તિત્વમાં લાવે છે.

પ્રોફેસર આલ્ફનનું કહેવું છે કે કાઈનાતમાં પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટ સિવાય કોઈ અન્ય માધ્યમ નથી કે જે આટલી બધી ઉર્જા પેદા કરે અને આ પ્રયોગ કે જેની તૈયારી રશિયામાં કરવામાં આવી રહી છે, જો તે વ્યવહારિક સ્વરૂપમાં સામે આવી જાય અને હિલિઅમ અને પ્રતિહિલિઅમનો વિસ્ફોટ થાય તો ન કેવળ એ કે ઉર્જાનો એક અનંત સ્ત્રોત માનવજાતિને હાથ લાગી જશે બલ્કે શક્ય છે કે ક્વેઝારની ઉર્જાનો સ્ત્રોત પણ જાણી લેવાય.

કદાચ તમે એવું પૂછો કે રશિયામાં કોઈ અન્ય તત્વ **(Element)** અને પ્રતિતત્વ **(Antielement)** નો વિસ્ફોટ કરવામાં આવતો નથી અને ફક્ત હિલિયમ અને પ્રતિહિલિયમને જ શા માટે આ પ્રયોગમાં વાપરવામાં આવે છે? તેનો જવાબ એ છે કે હાલના જમાનામાં પ્રતિહિલિયમ સહેલાઈથી મળી જાય છે જ્યારે કે ઓક્સિજન અથવા હાઈડ્રોજનનું પ્રતિતત્વ મળતું નથી અને આજે જ્યારે કે અમેરિકામાં પહેલા એટમી વિસ્ફોટના પ્રયોગને ૨૯ વર્ષ થઈ ચૂક્યાં છે ત્યારે અત્યાર સુધી યુરેનિયમ અને પ્લેટિનમ (જેને યુરેનિયમમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે) અને હાઈડ્રોજનને જ એટમી વિસ્ફોટમાં વાપરવામાં આવે છે અને હાઈડ્રોજનને કોઈ બીજા તત્વના એટમો સાથે સંયોજિત કરીને જ ઉર્જા પેદા કરી શકાય છે, યુરેનિયમ કે પ્લેટિનમની જેમ નહીં. આ બન્ને તત્વોને ભાંગીને ઉર્જા પેદા કરી શકાય.

સૌથી વધારે મળનારાં તત્વોમાં લોખંડ પણ છે પરંતુ અત્યાર સુધી લોખંડના એટમોનો વિસ્ફોટ કરી શકાયો નથી અને થીઅરીના આધારે લોખંડ અને તાંબુ વગેરેના એટમોનો વિસ્ફોટ શક્ય છે તો પણ અત્યાર સુધી એટમી શક્તિએ આ ધાતુઓના એટમોના વિસ્ફોટ માટે કોઈ તૈયારી કરી નથી એટલે હિલિયમ અને પ્રતિહિલિયમના વિસ્ફોટનું કારણ પ્રતિ-હિલિયમની પ્રાપ્યતા છે. (ક્રમશઃ)

## વિદ્યાર્થી ભાઈ-બહેનો જોગ

*ટુ ફેઈથ વિલેજ એજ્યુકેશન કમિટી **(TFVEC)** દ્વારા સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના શાળા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ફૂલસ્કેપ ચોપડા બનાવવામાં આવ્યા છે જે ઈન્શાઅલ્લાહ તા-૨૫/૦૪/૨૦૧૦થી જુદા જુદા ગામોમાં ઉપલબ્ધ થશે.*

*જે તે ગામના ઉત્સાહી મોમિન ભાઈ-બહેન કે કમિટી ચોપડા વિતરણ કાર્યમાં સહકાર આપવા ઈચ્છતા હોય તો તેમણે નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક કરી પોતાના વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ચોપડા મંગાવી લેવા. શક્ય હોય તો ફોન પર ઓર્ડર નોંધાવી દેવો.*

*વિતરણ કાર્યમાં સહકાર આપવા માગતા ભાઈ-બહેનોએ અગાઉથી પૈસા ન મોકલતાં વિતરણ થઈ ગયા બાદ પૈસાનો હિસાબ આપવાનો રહેશે.*

*ચોપડાનો ભાવ નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

***૧ ડઝનનો ભાવ - રૂા.૧૭૦, ૬ નંગનો ભાવ - રૂા.૮૫ અને ૧ નંગનો ભાવ - રૂા.૧૫***

*ચોપડા સ્ટોકમાં હશે ત્યાં સુધી જ પૂરા પાડી શકાશે. તેથી વહેલા તે પહેલાના ધોરણે મંગાવી લેવા.*

**સંપર્ક નંબર -: અહેસાનઅલી ઈસ્માઈલ ઘો (કાકોશી) ૯૯૭૯૧ ૧૬૦૯૮**

# અરબી મૂળાક્ષરોનો પરિચય

(ગતાંકનું ચાલુ)

❖ અરબી-ઉર્દૂ, વગેરે ભાષાઓમાં લખાણ હંમેશાં જમણી બાજુએથી શરૂ કરીને ડાબી તરફ લખાય છે. પરંતુ અંકો (Numbers) ગુજરાતી ભાષાની માફક ડાબેથી જમણે લખાય છે.

❖ હર્ફ એટલે કે વર્ણાક્ષરના ઉપર કે નીચે જે બિંદી અથવા ટપકું મૂકવામાં આવે છે તેને **નુકતો** કહેવાય છે. નુકતાનું બહુવચન **નુકાત** થાય છે.

❖ હર્ફના ઉચ્ચાર (એટલે કે અવાજ)નું ઉદ્‌ગમસ્થાન એટલે કે **મખ્રજ**. તેનું બહુવચન **મખારિજ** થાય છે.

❖ ***હુરુફે કમરી :*** હુરુફે કમરી એવા અક્ષરોને કહેવાય છે કે જેમની સાથે **અલ** (ال)નો 'લ' ભળતો નથી. દા.ત. અલ કમર, અલ બકરહ, વગેરે આવા અક્ષરોની યાદી નીચે મુજબ છે.

ا ب ج ح خ ع غ ف ق
ک م و ی لا

❖ ***હુરુફે શમ્સી :*** હરુફે શમ્સી એવા અક્ષરોને કહેવાય છે કે જેમની આગળ અલ (ال) લગાડવામાં આવે તો તે અક્ષરો સાથે **'અલ'**નો **'લ'** ભળી જાય છે. અને તે તેવો જ અક્ષર બની જાય છે કે જેની સાથે તે ભળે છે. દા.ત.અલ +શમ્સ = 'અશ્શમ્સ' થઈ જાય છે. આવા અક્ષરોની યાદી નીચે મુજબ છે.

ت ث د ذ س ش ص ض
ط ظ ل ن

❖ એક તફસીરમાં લખેલ છે કે **'બે'**ના નુકતાના સવિસ્તર વર્ણન માટે એડવર્ડ કલાર્ડ (Edward Cluard)નું પુસ્તક Story of the Alphabetમાં તેણે એકે એક હુરુફે તહજ્જી (અક્ષરમાળા)નું મૂળ બતાવેલ છે. તે લખે છે કે કીનકીયાહના લોકો અને મીસરના લોકો સમકાલીન જમાનામાં હતા. તેમની વચ્ચે વેપારી સંબંધ અને પત્ર વ્યવહારમાં આપસમાં અમુક ખાનગી ઈશારા રાખેલા હતા જે પાછળથી અક્ષરમાળા બની ગઈ જેમકે આંખને સમજાવવી હોય તો આંખનું ચિત્ર દોરતા હતા જે ( ع ) **ઐન** અક્ષરથી મળતું આવે છે અને અરબીમાં **ઐન**નો અર્થ આંખ થાય છે. **જીમ** ( ج )થી મુરાદ ઊંટ લેતા હતા. આ અક્ષર ઊંટ જેવો છે. અરબીમાં જમલ અને ઈબરાની ભાષામાં ઊંટને જીમ કહે છે. આ બેઠેલા ઊંટની શકલ છે અને નુકતાથી મુરાદ ઊંટનો માલિક છે કે જે તેના ઉપર સવાર હોય છે એવી રીતે **શીન** ( ش )થી મુરાદ શજર (વૃક્ષ) જેના પર પક્ષી બેઠેલ છે અને એ ઉડી રહેલ છે. એવી જ રીતે તે લખે છે કે 'બે' (ب)ની નીચે જે નુકતો (•) છે તેનાથી મુરાદ ઘરનો માલિક છે જે દરવાજા ઉપર બેઠો છે.

આના ઉપરથી એવું સમજી લો કે હઝરત અલી(અ.) ફરમાવે છે કે કુરઆને કરીમમાં જે કાંઈ છે તેનો આરંભ-શરૂઆત -***બિસ્મિલ્લાહ***થી છે એટલે એક ઘર છે કે જેનો દરવાજો હું છું. હું એ બધું જ જાણું છું કે જે કાંઈ કુરઆનમાં છે. (ક્રમશઃ)

# મોમિન હોસ્ટેલ, હૈદરાબાદ

પીરો મુરશિદની ભલી દુઆઓથી હૈદરાબાદ ખાતે મોમિન સમાજના ધોરણ-૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે ટ્યુશન સહિતની તમામ સગવડ ધરાવતી મોમિન હોસ્ટેલ કાર્યરત છે અને સફળતાના સોપાનો સર કરી સાતમા વર્ષમાં પ્રવેશ કરેલ છે.

:::::::::: **સંપર્ક** ::::::::::

❖ **ગુલામહૈદર એસ. વિજાપુરા**
ફોન : ૦૪૦ ૨૩૫૬૦૧૩૮
મોબાઈલ : ૦૯૪૪૧૭૮૧૧૮૫
મોબાઈલ : ૦૯૮૪૯૩૭૭૮૫૭

❖ **તાલિબઅલી એસ. વિજાપુરા**
મોબાઈલ : ૯૪૨૭૮૧૪૪૨૯

સેદ્રાણા મુકામે તા.૫-૩-૨૦૧૦, શુક્રવાર, મુ.તા. ૧૮મી રબીઉલ અવ્વલ-૧૪૩૧ના રોજ

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.**
**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**
**અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)**

આપણા જીવનનું લક્ષ્ય શું હોવું જોઈએ, તે વિષે આપણે વાતચીત કરીએ.

જીવનનું સૌથી પહેલું લક્ષ્ય આપણું, આપણે અલ્લાહના બંદા છીએ, અલ્લાહના અબ્દ છીએ, તો અલ્લાહના બંદાને શોભતી બધી નેકીઓ આપણી અંદર હોવી જોઈએ. અદેખાઈ, આડંબર, અભિમાનથી દૂરી, આ બધી નેકીઓ કે જે માનવસહજ નેકીઓ છે, જે બધામાં, બધા ધર્મોમાં જેને મહત્વ આપવામાં આવ્યું છે એ જ નેકીઓ આપણી અંદર પહેલેથી જ હોવી જોઈએ. ત્યારે આપણે અલ્લાહના અબ્દ થયા કહેવાઈશું. અલ્લાહની બંદગી સારી રીતે અદા કરવામાં સક્ષમ થઈશું.

અબ્દ થઈ ગયા પછી આવે છે મર્હલો (મંઝિલ) ઈસ્લામનો. કારણ કે ઈન્સાનિયતના પાયા ઉપર ઈસ્લામનું માળખું ઊભું છે. તો આપણે સારા ઈન્સાન થઈ જઈએ. પછી મુસલમાન થવા માટે ઉસૂલે દીનમાં સંપૂર્ણ ઈમાન. તૌહીદ, અદ્લ, નબુવ્વત, ઈમામત, કયામત શું છે તેને સારી રીતે સમજીને તેમાં સંપૂર્ણ ઈમાન રાખવું એ ઈસ્લામ છે. પછી ફુરૂએ દીન. નમાઝ, રોઝા, હજ, ઝકાતની પાબંદી. આપણી નિય્યત તો પહેલાં પાબંદીની હોવી જ જોઈએ. જ્યારે નિય્યત હશે તો અલ્લાહ આપણને તૌફીક આપશે અને આપણે ખરેખર પાબંદ થઈ શકીશું. પરંતુ આપણે જ્યારે જોઈએ કે આપણે કોઈ પણ કારણસર પાબંદ થઈ શકતા નથી. તો આપણે એમ વિચારી લઈએ કે હું પાબંદ થઈ શકતો નથી તો હવે મારે પાબંદીમાં રહેવું જ નથી. તો એનાથી તો આપણે આપણી જાતનું નુકસાન કરી નાખીએ છીએ.

અને આપણી નિય્યતમાં કદીય આવી ખોટ આવવી જોઈએ નહીં અને અલ્લાહથી સતત શરીઅત ઉપર પાબંદીમાં રહી શકીએ તેની દુઆ માગતા રહેવાની અને ઈન્શાઅલ્લાહ અલ્લાહની તૌફીક આપણી શામીલે હાલ થશે તો આપણે શરીઅતના પાબંદ થઈ શકીશું. આ મર્હલો જ્યારે આપણે પાર કરીશું તો આપણે કહેવાઈશું મુસ્લિમ, મુસલમાન. અહીં આપણે આવી રીતે પાબંદીથી જીવન વ્યતીત કરી નાખીએ તો ય આપણા માટે કાફી છે, અલ્લાહની મહેરબાની છે. અલ્લાહનો ફઝલો કરમ છે કે અલ્લાહે બસ આપણા ઉપર આટલી જ ફરજ મૂકેલી છે.

પરંતુ તેની આગળ પણ લોકો માટે માનવસહજ એક વાત છે કે મારો સર્જક કોણ છે? એ એક તજસ્સુસ-એક કુતુહલ આપણી અંદર હોય છે અને માણસ અલ્લાહની શોધમાં નીકળી પડે છે, બાહ્ય દુનિયામાં અને અંતરની દુનિયામાં. દિલની દુનિયામાં અને બહારની. આ દુનિયામાં અલ્લાહની નિશાનીઓ શોધતો જાય છે. આ મુસાફરી જ્યારે શરૂ થાય છે તો એ કહેવાય તરીકતની દુનિયા. તરીકતની દુનિયામાં, દા.ત. દિલની દુનિયા અને બહારની દુનિયા. આમાં અલ્લાહની નિશાનીઓ આપણે શોધવાનું શરૂ કરીએ તો આપણી માઅરેફતમાં વધારો થાય. આપણને હકીકત

દેખાય. હકીકત શું છે ? હાલ આપણે જે ભ્રામક ધારણાઓમાં બેઠા છીએ એ ધારણાઓ ભાંગી પડે અને આપણે હકીકતની સામે ખરેખર આવી જઈએ. આ મુસાફરીની શરૂઆત આપણે કરી દઈએ ત્યારે આપણે મોમિન કહેવાઈએ. એ પહેલાં મોમિન ના કહેવાઈએ. સૌથી પહેલાં તો માણસાઈ, એ પછી મુસલમાન, પછી તરીકત શરૂ થાય. તરીકતમાં ભલે આપણે નિપુણ ના હોઈએ પરંતુ તરીકત શરૂ થાય ત્યારે મોમિન કહેવાઈએ. અને આપણે શરીઅતમાં પાબંદ થઈ જઈએ પછી જ તરીકત ઉપર આવીએ તો એ તરીકતનો પાયો શરીઅત છે અને તરીકતમાં આપણે આગળ વધ્યા એમ ગણાઈશું. તરીકતમાં આપણે બધી માઅરેફતની વાતો વધુને વધુ જાણતા જઈએ.

તરીકતમાં આપણું લક્ષ્ય શું હોય ? અલ્લાહથી વિસાલનું, અલ્લાહથી મિલનનું. છેવટે મોત સમયે કે તેના પહેલાં અલ્લાહથી આપણું વિસાલ થઈ જવું જોઈએ તે આશયથી આગળ વધવાનું હોય છે. જ્યારે આપણી અંદર એ લક્ષ્ય હશે તો આપણે વધુને વધુ માઅરેફત હાસિલ કરતા જઈશું ત્યારે આપણે કહેવાઈશું મોહસિન. અબ્દ, અલ્લાહના અબ્દ, એના પછી મુસ્લિમ, પછી મોમિન અને પછી મોહસિન. જ્યારે માઅરેફતમાં વધારો થશે ત્યારે આપણે મોહસિન કહેવાઈશું. એ મર્હલો (મંઝિલ) જ્યારે આવી જશે ત્યારે આપણી આ મુસાફરી પૂરી થઈ ગણાશે. પરંતુ એ મસઅલો આખું જીવન પણ લઈ શકે એમ છે.

આ આપણી મુસાફરી છે. આમાં હું તમારો સાથી છું અને જ્યારે પણ જરૂર પડે ત્યારે તમે મારાથી તમારા પ્રશ્નો પૂછી શકો અને હું તેનો જવાબ આપું અને આવી રીતે આપણે બધા આ તરીકતના રસ્તા ઉપર ચાલીને અલ્લાહના વિસાલ સુધી પહોંચી શકીએ. આ તરીકત, શરીઅત અને ઈન્સાનિયતમાં સાચા માર્ગદર્શક છે કુરઆન અને હદીસ. કુરઆનને આપણે સારી રીતે સમજીશું તો જ આપણને, સારી રીતે માણસ કઈ રીતે બની શકાય, શરીઅત ઉપર પાબંદી કેવી રીતે કરી શકાય અને તરીકત ઉપર કેવી રીતે ચાલી શકાય, તે સમજાશે.

પરંતુ હદીસ ઉપર ચાલવા માટે આપણને જરૂર છે આલે મોહંમદની. કારણ કે હદીસ વિષે બિલકુલ સચોટ Authentic માહિતી આપણને આલે મોહંમદ જ આપી શકે છે અને અહીં આપણે આલે મોહંમદમાં શા માટે અકીદો ધરાવીએ છીએ તે સાબિત થાય છે અને આવી રીતે જો આપણે જીવનનું લક્ષ્ય રાખીશું તો જ આપણી આ પીરી-મુરીદી સાર્થક થઈ ગણાશે.

પરંતુ તમે જો મને તમારી મંઝિલ બનાવી દેશો. આપણી મંઝિલ, મારી પણ મંઝિલ, તમારી પણ મંઝિલ અલ્લાહ છે, હું નથી. હું તમારો સાથી છું, પીર છું. આ રસ્તા ઉપર આપણે બધા સાથે સાથે ચાલી રહ્યા છીએ અને ઈન્શાઅલ્લાહ અલ્લાહની તૌફીક શામીલે હાલ થશે તો આપણે આપણી મંઝિલ, આપણું લક્ષ્ય, અલ્લાહ સુધી આપણે પહોંચી જવાના છીએ. પરંતુ તમે જો મને તમારી મંઝિલ બનાવી દેવાની ભૂલ કરશો તો આપણી આ પીરી મુરીદી સાર્થક થઈ ગણાશે નહીં. અને એટલા માટે તમને Pratical હું કરાવું છું અને ના'રા મારતી વખતે મારું નામ ન લઈને **'ના'રે તકબીર', 'ના'રે રિસાલત'** અને **'ના'રે હૈદરી'** કહું


આયુર્વેદિક પધ્ધતિથી વજન ઘટાડવા તેમજ અન્ય રોગોની સારવાર માટે મળો.

**શિફા આયુર્વેદિક ક્લીનીક**

**ડો. આબિદહુસૈન બલોસપુરા**

ઝહીરાબાદ સામે, પાણપુર પાટિયા, વિજાપુર રોડ, હિંમતનગર-૩૮૩ ૦૦૧. જિ. સાબરકાંઠા.

છું કારણ કે એ તમારા માટે ના'રા થઈ જાય, મારા માટે ઝિકર થઈ જાય અને એટલા જ માટે ઈમામવાડાઓમાંથી અને મસ્જિદોમાંથી, દરગાહોમાંથી, જે પણ જગ્યાએ તમે મારા ફોટા મૂકતા હતા, એ મેં કઢાવી લીધા છે કારણ કે તમારું અને મારું લક્ષ્ય એક હોવું જોઈએ અને એ લક્ષ્ય છે અલ્લાહ તરફ આપણા વિસાલનું. જ્યારે આવું થશે ત્યારે ઈન્શાઅલ્લાહ આપણી પીરી મુરીદી સાર્થક ગણાશે.

દુનિયામાં દરેક કોમ પોત પોતાની રીતે પોતાના સર્જક સુધી પહોંચવાની કોશિશ કરે છે. પીરી મુરીદીમાં પીર મશાયખ બાવા(રહે.)એ તરીકતના હેઠળ આપણને કઈ રીતે અલ્લાહ સુધી પહોંચવું તેની રીત બતાવી છે. આપણે, શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત, મેં આજનો જે ખુત્બો તમને સંભળાવ્યો તેની રોશનીમાં તમે પીર મશાયખ બાવા(રહે.)ની તરીકત વાંચશો તો તમને ખ્યાલ આવશે કે આપણે ક્યાંથી આવ્યા અને ક્યાં જઈશું અને એ રીતે તમને પીરી-મુરીદી શું છે તે ધ્યાનમાં આવશે અને સારી રીતે પીરી-મુરીદીનો હક અદા કરી શકશો. જો આવી રીતે નહીં કરો અને આખી દુનિયામાં બાવાના ચાહકો હોવાનો દાવો કરશો તો ય હિદાયત પર નહીં આવો પરંતુ જે બાવાની હિદાયત છે, પીર મશાયખ બાવા(રહે.) જે તરીકતમાં કહી ચૂક્યા છે અને તેનાથી આગળ કુરઆન અને હદીસમાં જે સાચી હિદાયત આપણને મળે છે તેના ઉપર અમલ થશે તો આપણી આ પીરી-મુરીદી કામયાબ થશે.

દુઆ કરું અલ્લાહથી કે અલ્લાહ મને આ પીરી મુરીદીમાં, તરીકતમાં તમને સાચી હિદાયત આપવાની નેક તૌફીક આપે, (આમીન) અને તમને મારી હિદાયત ઉપર ચાલીને અલ્લાહ આપણા લક્ષ્ય સુધી, છેવટ સુધી પહોંચી જવાની નેક તૌફીક આપે, (આમીન) *


મો. ૯૪૨૮૦૮૯૧૧૦

# + અકીલા હોમિયોપેથિક કલીનીક +

**ડો. મંઝુરહુસૈન એ. વિજાપુરા (મહેરપુરા)**

(B.H.M.S.)

*કન્સલ્ટીંગ હોમિયોપેથ*

દર રવિવારે રજા રહેશે.

**સમય**

**સાંજે : ૪ થી ૬**

**સ્થળ**

**ઠે. ડો. તાહેરઅલી જી. વિજાપુરા**
**પાંચ પીપળી પોલિસ ચોકીની સામે,**
**જમાલપુર, અમદાવાદ.**

*તા.૨૪-૨-૨૦૧૦થી શુભ શરૂઆત*

**સમય**

**સવારે : ૧૦ થી ૧ / સાંજે ૬ થી ૯**

**સ્થળ**

**FF/6, રોયલ અકબર રેસીડેન્સી,**
**સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ-૫૫**



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

*હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)*

**(૧૨૫) ખરો ઈસ્લામ :**

*હું ઈસ્લામની એ વ્યાખ્યા કરું છું કે જે મારી પહેલાં કોઈએ નહીં કરી હોય, ઈસ્લામ સમર્પણ સ્વીકાર, સ્વીકાર ફરજ બજાવણી છે અને ફરજ બજાવણી અમલ.*

**(૧૨૬) આશ્ચર્યજનક વસ્તુઓ :**

*મને કંજૂસની સ્થિતિ પર આશ્ચર્ય થાય છે કે એ જ નિર્ધનતામાં સપડાઈ જાય છે જેનાથી ભાગી રહ્યો છે અને પછી એ જ ધનવાનપણાથી વંચિત થઈ જાય છે જેને પ્રાપ્ત કરવા માગે છે. દુનિયામાં ફકીરો જેવું જીવન વિતાવે છે અને આખેરતમાં માલદારો જેવો હિસાબ આપવો પડે છે. એવી જ રીતે મને ગર્વિષ્ઠ આદમી પર આશ્ચર્ય થાય છે જે કાલે વિર્ય બિંદુ હતો અને કાલે મુડદાલ થઈ જશે, છતાં અકડી રહ્યો છે મને એ શખ્સ વિશે પણ હયરત થાય છે કે જે ખુદાના અસ્તિત્વ પર શંકા કરે છે જો કે ખુદાના સર્જનોને જોઈ રહ્યો છે અને તેનો હાલ પણ વિચિત્ર છે કે જે મોતને ભૂલેલો છે. જો કે મરનારાઓને બરાબર જોઈ રહ્યો છે. મને તેના હાલ પર તાજુબી થાય છે જે આખેરતની શક્યતાને નકારે છે જ્યારે કે પહેલા જનમને નિરખી રહ્યો છે અને તેની સ્થિતિ પર પણ દયા આવે છે કે જે નાશવંત ઘરને વસાવી રહ્યો છે અને બાકી રહી જનારા ઘરને ત્યજી બેઠો છે.*

**(૧૨૭) આમાલની ઉણપનું પરિણામ :**

*જેણે અમલમાં કમી રાખી તે ચિંતા ઉપાધિમાં હર હાલમાં સપડાશે અને અલ્લાહને એવા બંદાની કોઈ પરવા નથી કે જેના જાન અને માલમાં અલ્લાહનો કોઈ ભાગ નથી.*

**(૧૨૮) વસંતઋતુમાં અને પાનખરમાં સંભાળઃ**

*શરદીની ઋતુમાં આરંભમાં સંભાળ લો અને અંતમાં તેને આવકારો કે તેની અસર શરીર પર વૃક્ષોના પર્ણો જેવી છે કે તે મોસમની શરૂમાં પાંદડાઓને બાળી નાખે છે અને અંતમાં તાજા માજા કરી દે છે.*

**(૧૨૯) સર્જનહારની મહાનતા :**

*જો અલ્લાહની મહાનતાનું ભાન થઈ જાય તો મખ્લૂક આપોઆપ નજરથી પડી જશે.*

**(૧૩૦) મરનારાઓને સંબોધન :**

*સિફફીનથી પાછા ફરતી વખતે કુફાની બહાર કબ્રસ્તાન પર નજર પડી ગઈ તો ફરમાવ્યું: અય ડરામણા ઘરોના રહેવાવાળાઓ ! એ વેરાન જગ્યાના મકાનોના રહેવાસીઓ ! અને અંધારી કબ્રોમાં વસનારાઓ ! અય ધૂળમાં બેસનારાઓ, અય પરદેશી, એકલવાયાપણા અને ભયવાળાઓ! તમે અમારી આગળ ચાલ્યા ગયા છો અને અમે તમારા પગલે ચાલી તમને મળવાવાળા છીએ. જુઓ, તમારા ઘરો વસી ગયા છે તમારી પત્નીઓના પુનઃલગ્ન થઈ ગયાં છે અને તમારો માલ વહેંચાઈ ચૂક્યો છે. આ તો અમારે ત્યાંની ખબર છે. તમે બતાવો કે તમારે ત્યાંના શું સમાચાર છે ?*

*ત્યાર પછી સાથીઓ તરફ મોં કરીને ફરમાવ્યું:*

*'જો તેમને બોલવાની રજા મળી જાત તો તમને માત્ર એ સંદેશ આપત કે શ્રેષ્ઠ વાટખર્ચી તકવો છે.'*

**(૧૩૧) દુનિયાનાં વખાણ :**

*એક શખ્સને દુનિયાની નિંદા કરતો જોયો તો ફરમાવ્યું : અય દુનિયાની નિંદા કરનારા અને તેના ફરેબમાં સપડાઈ તેની મિથ્યા વાતોથી ધોખો ખાવાવાળા ! તું તેનાથી ધોખો પણ ખાય છે અને તેની ટીકા પણ કરે છે ? એ બતાવ કે તને તેના પર આરોપ મૂકવાનો હક છે કે તેને તારા પર આરોપ મૂકવાનો? આખર તેણે ક્યારે તારી બુધ્ધિ આંચકી લીધી હતી. અને ક્યારે તને ધોખો આપ્યો હતો ? શું તારા બાપદાદાઓની પૂરાતનતા પર પડવાના કારણે ધોખો ખાધો છે કે તમારી માતાઓના સૂવાના ઘરોથી ધોખો દીધો છે.*

*કેટલા બીમાર છે જેની તેં સારવાર કરી હોય, અને પોતાના હાથોથી તેમનો ઈલાજ કર્યો છે અને ઈચ્છયું છે કે તેઓ તંદુરસ્ત થઈ જાય અને ડૉક્ટરોને દેખાડ્યા પણ છે. એવે સમયે જ્યારે ન કોઈ દવા કામ આવતી હોય અને ન કોઈ રોવું ધોવું લાભ આપી રહ્યું હતું. ન તમારી હમદર્દી કોઈને લાભ પહોંચાડી શકી અને ન તમારો હેતુ પૂરો થયો અને તમે મોતને ટાળી શક્યા. આ સ્થિતિમાં દુનિયાએ તમને પોતાની હકીકત બતાવી દીધી હતી અને તમને તમારા વિનાશથી સાવચેત કરી દીધા હતા. (પરંતુ તમને ભાન ન આવ્યું) યાદ રાખો કે દુનિયા વિશ્વાસ કરનારાઓ માટે સચ્ચાઈનું ઘર છે અને સમજદાર માટે અમનચમનનું સ્થળ છે અને બોધપાઠ ગ્રહણ કરનારાઓ માટે નસીહતનો મુકામ છે.*

*આ અલ્લાહના દોસ્તો માટે સિજદાઓની ધરતી છે અને ગગનના ફરિશ્તાઓ માટે મુસલ્લો છે. અહીં જ અલ્લાહની વહીઓ ઉતરે છે અને અહીં જ ખુદાના દોસ્તો આખેરતના સોદા કરે છે, જે વડે રહેમત પ્રાપ્ત કરી લે છે અને નફામાં જન્નત લઈ લે છે. કોને હક છે કે તેની નિંદા કરે ? જ્યારે કે તેણે પોતાની જુદાઈનું એલાન કરી દીધું છે અને પોતાના વિરહનો સાદ પાડી દીધો છે અને પોતાના રહેવાવાળાની મોકાણ સંભળાવી દીધી છે. પોતાની આફતથી તેમની આફતોનો નકશો ખેંચી દીધો છે અને પોતાના આનંદથી આખેરતના આનંદની દાવત આપી છે.*

*તેની સાંજ સુખમાં વીતે છે તો સવાર સંકટમાં જેથી માનવીમાં શોખ પણ પેદા થાય અને ડર પણ. તેનાથી સાવચેત પણ કરી દે અને સાવધાન પણ કરી દે છે. અમુક લોકો પસ્તાવાની સવારે તેની નિંદા કરે છે અને અમુક લોકો કયામતના દિવસે તેનાં વખાણ કરશે. જેને દુનિયાએ નસીહત કરી તો તેમણે તેને સ્વીકારી લીધી, તેણે હકીકતો બયાન કરી તો તેનું સમર્થન કર્યું અને શિખામણ આપી તો તેની અસર લીધી.*

**(૧૩૨) ફરિશ્તાઓનો સાદ :**

*પરવરદિગાર તરફથી એક ફરિશ્તો નિયુક્ત છે જે દરરોજ સાદ આપે છે કે અય લોકો! જન્મ આપો તો મરવા માટે, ભેગું કરો તો નાશ થવા માટે, અને ઘડતર કરો તો ઝીર્ણ થવા માટે. (અર્થાત છેવટના પરિણામને ધ્યાનમાં રાખો.)*

**(૧૩૩) દુનિયાની નશ્વરતા :**

*દુનિયા એક રસ્તો છે, પડાવ નહીં. તેમાં લોકો બે પ્રકારના છે : તેમાં એ શખ્સ છે કે જેણે પોતાના આત્માને વેચી નાખ્યો અને એક એ છે કે જેણે ખરીદી લીધો અને આઝાદ કરી દીધો.*

**(૧૩૪) મિત્રતાની શરતો :**

*દોસ્ત ત્યાં સુધી ખરો દોસ્ત નથી બની શકતો જ્યાં સુધી પોતાના દોસ્તને ત્રણ પ્રસંગોએ કામ ન આવે. ૧. સંકટ સમયે, ૨. તેની ગેરહાજરીમાં ૩. મરવા પછી.* ✻

કુરઆને મજીદના

## સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૨ સૂરએ જોમોઅહ

*કુલ ૧૧ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલ હોવાથી મદની સૂરો છે.*

***આસમાનમાં જે કાંઈ છે તથા જમીનમાં જે કાંઈ છે તે ખુદાની તસ્બીહ કરે છે કે જે (અલ્લાહ) બાદશાહ છે, પરમ પવિત્ર છે, જબરદસ્ત (અને) હિકમતવાળો છે. (૧)***

***તે એ જ છે કે જેણે (મક્કાના) અભણોમાં એક રસૂલ તેઓમાંથી જ પેદા કર્યો, જે તેમને તેમની આયતો પઢીને સંભળાવે છે તથા તેમ(ના જાહેર-બાતિન)ને પાક કરે છે, અને કુરઆન તથા હિકમતનું શિક્ષણ આપે છે, જો કે તેઓ પ્રથમ ખુલ્લી ગુમરાહીમાં હતા. (૨)***

***અને તેઓમાંથી બીજાઓને પણ જે હજી તેમને આવી મળ્યા નથી અને તે જબરદસ્ત હિમતવાળો છે. (૩)***

***આ તો અલ્લાહની મહેરબાની છે, જેને ચાહે છે; આપે છે અને અલ્લાહ મહાન મહેરબાન છે. (૪)***

***તે લોકોનો દાખલો કે જેમના પર તૌરેત (ના શિક્ષણ અને અમલ)નો બોજો નાખવામાં આવ્યો હતો, પણ જેમણે તેનો ભાર ઊંચક્યો નહીં તેમનો દાખલો તે ગધેડાના જેવો છે કે જેણે કિતાબોનો બોજો ઉપાડેલો હોય; તે લોકોની સરખામણી કે જેમણે અલ્લાહની આયતોને જૂઠલાવી હોય કે બૂરી છે ! અને અલ્લાહ જુલમગાર કોમોની રાહબરી નથી કરતો. (૫)***

*જે કંઈ જમીનો-આસમાનોમાં છે તે અલ્લાહની તસ્બીહ કરે છે અને તેની બાદશાહત હંમેશાંથી છે અને હંમેશાં રહેશે.*

*મક્કામાં રહેવાવાળાઓને* ***ઉમ્મી*** *કહેવામાં આવે છે, કેટલાક લોકો ઉમ્મી અજ્ઞાનને કહે છે. હઝરત ઈમામે મોહંમદ બાકિર(અ.)ને કોઈએ પૂછ્યું કે અય ફરઝંદે રસૂલ ! એ લોકો રસૂલિલ્લાહ(સ.)ને ઉમ્મી કહે છે. આપે તેને પૂછ્યું કે લોકોના ઉમ્મી કહેવાનો ભાવાર્થ શું છે ? તેમણે અરજ કરી કે એ લોકોનો અકીદો છે કે આપ લખતાં નથી જાણતા. આપે ફરમાવ્યું કે એ લોકો જૂઠું કહે છે. કુદરત પોતાની કિતાબમાં ફરમાવે છે કે મેં ઉમ્મી લોકોમાં પોતાના રસૂલને મોકલ્યો કે તે લોકોને કિતાબ અને હિકમતનું શિક્ષણ આપે, હવે જો આપ શિક્ષિત ન હોત તો બીજાને શું શિક્ષણ આપત ? ખુદાની કસમ આપ બોત્તેર-તોત્તેર ભાષાઓ લખી-વાંચી શકતા હતા.*

*કયામત સુધી આવવાવાળા મુસલમાનો પછી તે અરબ હોય કે અજમ, તેમના શિક્ષણ માટે હઝરત રસૂલે ખુદા(સ.) તશરીફ લાવ્યા, હુઝૂર કયામત સુધી પ્રત્યેક ઈન્સાનના માટે કિતાબ અને હિકમતનો પ્રચાર કરનાર હતા અને તફસીરે મજમઉલ બયાનમાં છે કે જ્યારે રસૂલિલ્લાહ(સ.)એ આ આયત પઢી ત્યારે કોઈએ પૂછ્યું કે તેથી કોણ મુરાદ છે ? આપે જનાબે સલમાનના ખભા ઉપર હાથ રાખીને ફરમાવ્યું કે જો ઈમાન સુરય્યા (એક સિતારા) જેટલું ઊંચું હોય તો ઈરાની લોકો ત્યાં પણ પહોંચી જઈ ઈમાનને મેળવી લે. આ હદીસથી ઈસ્લામી આલમમાં ચોતરફ ફેલાઈ જશે. તેનું ભવિષ્ય ભાખેલ છે અને તે શબ્દે શબ્દ સાચું પડેલ છે.*

*તફસીરે મજમઉલ બયાનમાં છે કે એક વખત એક ગરીબ વર્ગે હઝરતની ખિદમતમાં આવી અરજ કરી કે માલદાર ખેરાત કરીને સવાલ મેળવે છે અને અમો વંચિત રહી જઈએ છીએ, તેઓ તો હજ કરી શકે છે, ગુલામ આઝાદ કરી શકે છે, જ્યારે અમો કરી શકતા નથી. હુઝૂરે ફરમાવ્યું કે જે એક સો વખત* ***'અલ્લાહો અકબર'*** *કહે તેનો સવાબ ગુલામ આઝાદ*

કરવા કરતાં વધારે છે અને જે એકસો વખત **'લાએલાહ ઈલ્લલ્લાહ'** કહે તે બીજા તમામ આમાલોથી વધારે છે, જ્યારે ગરીબોએ એ અમલ શરૂ કર્યો તો માલદાર લોકોએ પણ એ પ્રમાણે કરવું શરૂ કર્યું ત્યારે ગરીબ વર્ગે કહ્યું કે હુઝૂર ! આ માલદાર લોકો પણ અમારી સાથે શરીક થઈ ગયા. આપે કુરઆને મજીદની આ આયત તિલાવત ફરમાવી કે અલ્લાહનો ફઝલ છે. જેને ચાહે તેને આપે.

જે લોકોને તૌરેત આપવામાં આવી તેમણે તેના ઉપર અમલ કર્યો નહીં, તેનો દાખલો એ ગધેડા જેવો છે કે જેના ઉપર કિતાબો લાદવામાં આવે. આ દાખલો માત્ર બની ઈસરાઈલ માટે જ નથી પણ ઓલમાએ ઈસ્લામને માટે પણ ઈબ્રતની જગ્યા છે કે પોતે પોતાના ઈલ્મ ઉપર અમલ ન કરે, બે અમલ આલિમની મિસાલ એ ઝાડના જેવી છે કે જેને ફળ લાગેલા ન હોય. હઝરત અલી(અ.)થી સવાલ કરવામાં આવ્યો કે અંબિયા અને અવસિયા પછી જન્નતમાં ઊંચા દરજ્જામાં કોણ જશે ? આપે ફરમાવ્યું કે ઉમ્મતના એ આલિમો કે જેમનો અમલ અને કોલ એક સરખા હશે. પછી સવાલ કરવામાં આવ્યો કે નમરૂદ, શદ્દાદ અને ફિરઓન વગેરે પછી જહન્નમના નીચા દરજ્જામાં કોણ હશે ? આપે ફરમાવ્યું કે અમારી ઉમ્મતના એ ઓલમા હશે કે જેમનો કોલ અને અમલ એક બીજાની વિરૂધ્ધ હોય.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(અય રસૂલ !) તું કહે કે અય યહૂદીઓ ! અગર તમે એવું ગુમાન કરો છો કે તમે જ અલ્લાહના દોસ્ત છો અને બીજા કોઈ લોકો નથી તો અગર તમે (તમારા આ ગુમાનમાં) સાચા હો તો મોત માગી લો. (૬)**

**પરંતુ (આ) પહેલાં તેમના હાથ કે જે કામો કરી ચૂક્યા છે તેના લીધે આ (લોકો) તેમની ઈચ્છા કદી પણ કરશે નહીં; અને અલ્લાહ આ જાલિમોથી સારી રીતે વાકેફ છે. (૭)**

**(અય રસૂલ !) તું કહે; તે મોત કે જેનાથી તમે નાસતા ફરો છો તે તમારી અવશ્ય મુલાકાત કરનાર છે, પછી તમે છૂપી તથા જાહેર (વાતો) ના જાણકાર (અલ્લાહ)ની હુઝૂરમાં પાછા ફેરવવામાં આવશો, પછી જે કામો તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે. (૮)**

યહૂદીઓનો દાવો હતો કે અમો હક પર છીએ અને ખાતરીપૂર્વક અમો જન્નતમાં જઈશું. તો તેમને પડકાર આપવામાં આવ્યો છે કે જો તમારો દાવો સાચો હોય તો જન્નત તો આરામ અને આસાઈશનું ઘર છે, જ્યારે તમારે તો આ દુ:ખ અને તકલીફના ઘર (દુનિયા) માંથી નીકળીને એ ઘર તરફ જવું જોઈએ જેમાં આરામ છે, માટે મોતની ઈચ્છા કરો અને જન્નતમાં જાઓ, પણ તેઓ એ પ્રમાણે કદી કરશે નહીં.

યહૂદીઓ પોતાની દોસ્તીના દાવામાં જૂઠા હતા તેઓ કદી મોતની ઈચ્છા કરશે નહીં અને તેમણે બૂરાં કૃત્યો કરેલાં છે જેમકે તૌરેતના અહેકામ બદલી નાખવા, હઝરત રસૂલે ખુદા(સ.)ના વખાણોને કાઢી નાખવાં વગેરે. તેથી તેમને ખાતરી છે કે મરવા પછી અઝાબ થશે. હઝરત રસૂલે ખુદા(સ.)એ યહૂદીઓને ફરમાવ્યું કે કસમ છે ખુદાની, જેના કબજામાં મારી જાન છે, તમારામાંથી કોઈ પણ મરવાની ઈચ્છા નહીં કરે, પણ તેમને મોત જરૂર આવશે.

અય રસૂલ(સ.) ! તું કહે કે જે મોતથી તમે ભાગો છો તે અવશ્ય આવશે અને તમને અલ્લાહની હુઝૂરમાં હાજર કરવામાં આવશે અને જે કર્મો તેમણે કર્યાં હશે તેનાથી તમને જાણકાર કરશે. (ક્રમશ:)

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૩ના જવાબો**

(૧) મુસ્તહબ છે (૨) માનવ સદ્‌ગુણોના ફઝાઈલ છે (૩) લૌહે મહેફુઝ (૪) જાદૂનું (૫) હઝરત અલી(અ.)એ (૬) પાણી, દૂધ, મધ, શરાબની (૭) સાત (૮) સહાબ



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૮

*(બહુઝૂર સૈયદતુન્નિસા હઝરત ફાતેમા ઝેહરા(અ.))*

سیّدہ اے برتر از نسوانِ عالم بےگماں — **સૈયદા અય બરતર અઝ નિસ્વાને આલમ બેગુમાં,**
سیّدہ اے مادرِ حسنینؑ سردارِ جناں — **સૈયદા અય માદરે હસનૈન સરદારે જિનાં.**

*(અય સૈયદા (અય સ્ત્રીઓનાં સરદાર ) જનાબે ફાતેમા ઝેહરા(અ.) ! નિ:શંકપણે આપ વિશ્વભરની મહિલાઓમાં સર્વશ્રેષ્ઠ સન્નારી છો. અય સૈયદા ! આપ જન્નતના (યુવાવર્ગના) સરદાર ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.)નાં માનવંતાં માતુશ્રી છો.)*

کس کا منھ ہے جو بیاں تیرے شرف کا کر سکے — **કિસકા મુંહ હૈ જો બયાં તેરે શરફકા કર સકે,**
تو ہے کفوِ مرتضیٰؑ، تو بنتِ شاہِ مرسلاں — **તૂ હૈ કુફવે મુર્તઝા, તૂ બિન્તે શાહે મુર્સલા.**

*(આ દુનિયામાં કોણ એવો છે કે જે આપની ઉત્તમતાનું (સંપૂર્ણ) વર્ણન કરી શકે ? આપ હઝરત અલી મુર્તઝા(અ.)ના ખાનદાનનાં જ સભ્ય છો અને વળી પયગમ્બરોના બાદશાહ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)નાં આપ દીકરી છો.)*

سُرمۂ اہلِ بصیرت ہے ترے قدموں کی خاک — **સુર્મએ એહલે બસીરત હૈ તેરે કદમોંકી ખાક,**
تیرا نقشِ پائے اقدس ھادیٔ اہلِ جہاں — **તેરા નકશે પાએ અકદસ હાદીએ એહલે જહાં.**

*(આપના કદમ મુબારકની ધૂળ પ્રતિભાશાળી લોકોની આંખનું અંજન(સુરમો) છે. આપનાં અત્યંત પવિત્ર પદ્‌ચિહ્નો દુનિયાના લોકો માટે હિદાયતની ગરજ સારે છે.)*

تیری عصمت کا یقیں اے فاطمہؑ بنتِ رسولؐ — **તેરી ઈસ્મતકા યકીં અય ફાતેમા બિન્તે રસૂલ,**
بالیقیں ہے جزوِ ایماں، رکنِ دیں ہے بےگماں — **બિલ્યકીં હૈ જુઝવે ઈમાં, રુકને દીં હૈ બેગુમાં.**

*(અય રસૂલ(સ.)ની દીકરી ફાતેમા(અ.) ! આપની પવિત્રતામાં વિશ્વાસ (યકીન) રાખવો તે દ્રઢતાપૂર્વકના ઈમાનનો એક ભાગ છે (અને) નિ:શંકપણે દીનનો સ્તંભ (થાંભલો) છે.)*

مرجعِ اہلِ زمیں زہراؑ تری سرکار ہے        મર્જએ એહલે ઝમીં ઝહરા તેરી સરકાર હૈ,
سجدہ گاہِ ساکنِ افلاک، تیرا آستاں        સજદાગાહે સાકિને અફલાક તેરા આસ્તાં.

*અય ફાતેમા ઝેહરા(અ.) ! આપનો શાહી દરબાર જમીનવાસીઓ માટે રક્ષાસ્થાન છે. આપના ઘરનો દરવાજો આકાશવાસીઓ માટે સિજદો કરવાની જગ્યા છે.)*

وائے قسمت جو شفاعت سے تری محروم ہے        વાએ કિસ્મત જો શફાઅતસે તેરી મહેરૂમ હૈ,
اے پناہِ عاجزاں، حاجت روائے بیکساں        અય પનાહે આજિઝાં, હાજતરવાએ બેકસાં.

*(અય નિરાધારોનાં આધાર, અય નિઃસહાય લોકોની મનોકામનાઓને પૂર્ણ કરનાર ફાતેમા ઝેહરા(અ.)! આપની શફાઅત (મોક્ષ યાચના)થી જે લોકો વંચિત છે એવા લોકોના ભાગ્ય પર અફસોસ છે.)*

دامنِ آلِ عبا چھوٹے نہ ہاتھوں سے ظہیرؔ        દામને આલે અબા છૂટે ન હાથોંસે 'ઝહીર',
ہاں یہی دامن ہے عاصی کیلئے دارالاماں        હાં, યહી દામન હૈ આસિકે લીયે દારૂલ અમાં.

*(અય 'ઝહીર' ! આલે રસૂલ(સ.)નો પાલવ હાથોમાંથી છૂટવા ન પામે (તે જો જો) હાં, આ એ જ પાલવ છે કે જે ગુનેગારો માટે રક્ષા સ્થાન છે.)* ✻


## શિક્ષક જોઈએ છે.

*શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત* **ઝહીર હોસ્ટેલ** *તથા* **ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ**, *ઝહીરાબાદ, હિંમતનગર માટે ધો.૮ થી ધો.૧૦ના વિદ્યાર્થીઓનું ટ્યુશન કરાવી શકે તેમજ હોસ્ટેલ ખાતેની તમામ શૈક્ષણિક જવાબદારીઓ નિભાવી શકે તેવા ફુલ ટાઈમ સ્ત્રી/પુરૂષ શિક્ષક જોઈએ છે.*

**શૈક્ષણિક લાયકાત :** B.Sc./M.Sc. B.Ed. *અથવા* Diploma / Degree Engineer

**અપેક્ષિત પગાર :** ***રૂા.૭૦૦૦/- ફિક્સ ઉપરાંત હોસ્ટેલ ખાતે રહેવા-જમવાની સુવિધા.***

*રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના સંપૂર્ણ બાયોડેટા સાથે તા.૧૫-૫-૨૦૧૦ સુધીમાં નીચેના સરનામે અરજી કરવી.*

**સરનામુ :** *ઝહીર હોસ્ટેલ,*
*મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા. ફોન : ૦૨૭૭૨-૨૨૨૩૧૮*
Email : zahirhostel@gmail.com



**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા આયોજિત**

## વોલીબોલ નાઈટ ટુર્નામેન્ટ

**(ઝહીર ટ્રોફી)**

*શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા ખૂબ જ આનંદ સાથે જણાવે છે કે સતત બે વર્ષના સફળ આયોજન બાદ ચાલુ વર્ષે પણ નીચેની વિગતે વોલીબોલ નાઈટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.*

**ટુર્નામેન્ટનું સ્થળ : મુ. હરીપુરા (ઝહીરગઢ)**
**ટુર્નામેન્ટનો શુભારંભ : તા.૯-૦૫-૧૦, રવિવાર**

*સદર વોલીબોલ ટુર્નામેન્ટમાં રસ ધરાવતી મોમિન સમાજની ટીમોએ ઝહીર હોસ્ટેલ કાર્યાલય, ઝહીરાબાદમાંથી પ્રવેશપત્ર મેળવી મોડામાં મોડા તા.૩૦-૪-૨૦૧૦ સુધીમાં પ્રવેશ ફીના રૂા.૪૪૦ સહિત ફોર્મ ભરીને પરત કરવાનું રહેશે.*

**વધુ માહિતી માટે સંપર્ક નં. : ૦૨૭૭૨-૨૨૨૩૧૮**
Email : zahirhostel@gmail.com

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Enemy (દુશ્મન)

دانی کـه چه گفت زال با رستم گُـرد؟
دشمـن نتوان حقیر و بیچاره شمـرد!

**દાની કે ચે ગુફ્તા ઝાલ બા રૂસ્તમ ગુર્દ ?**
**દુશ્મન નતવાન હકીર વ બેચારા શમર્દ !**

*(તમે જાણો છો ખરા કે રૂસ્તમના પિતા ઝાલે પલાદીને રૂસ્તમને શું કહ્યું હતું ? 'દુશ્મનની શક્તિને કદી ઓછી આંકવી જોઈએ નહીં અને તેને નબળો સમજવો ન જોઈએ.' એવું કહ્યું હતું.)*

حذر کـن زانچه دشمن گوید آن کن
کـه بـر زانـو زنـی دسـت تغـابن
گـرت راهی نماید راست چون تیـر
از او برگـرد و راهِ دستِ چپ گیـر

**હઝર કુન જાંચ દુશ્મન ગવીદ આં કુન**
**કે બર ઝાનૂ ઝની દસ્ત તગાબુન**
**ગર્ત રાહી નમાયદ રાસ્ત ચૂન તીર**
**અઝ અવ બરગર્દ વ રાહે દસ્તો ચૂપગીર**

*(દુશ્મન જે બાબતની ભલામણ કરે તે કરવાનું ટાળો નહિતર તમે ખેદપૂર્વક તમારા ઘૂંટણ ઉપર જ પ્રહાર કરશો. જો તે તમને તીરના જેટલો જ સીધો રસ્તો બતાવે તો પણ તમે તે તરફ ન વળો અને તેનાથી વિરૂધ્ધ દિશાને અનુસરો.)*

گل به تاراج رفت وخار بمانـد
گنـج بـرداشـتـنـد و مـار بمانـد
دیـــده بـر تـارک سـنـان دیـدن
خوشتر از روی دشـمـنـان دیـدن

**ગુલ બા તારાજ રફ્તા વ ખાર બમાનદ**
**ગંજ બારદાશતનદ વ માર બમાનદ**
**દીદા બાર તારક સનાન દીદન**
**ખૂશતર અઝ રવી દુશ્મનાન દીદન**

*(ગુલાબના ફૂલને ચૂંટી લેવામાં આવ્યું અને કાંટો ત્યાં જ રહ્યો. ખજાનાને ઊંચકીને લઈ જવામાં આવ્યો અને સાપ ત્યાં જ રહ્યો. દુશ્મનોના ચહેરા જોવા એના કરતાં તો ભાલાથી કોઈની આંખ વીંધાતી જોવી વધારે ઈચ્છવા યોગ્ય છે.)*

***નોંધ :** આ પંક્તિઓ એક કમનસીબ માણસના સંદર્ભમાં લખવામાં આવી છે કે જેની યુવાન સુંદર પત્ની મૃત્યુ પામી છે અને તેણે હવે તેની વૃધ્ધ, કદરૂપી સાસુનો સહવાસ વેઠવાનો છે કે જે તેની સાથે રહેતી આવી છે.*

## Exaggeration (અતિશયોક્તિ)

اگـر صـد ناپسـنـد آیـد ز درویـش
رفیقانـش یکی از صـد نـدانـنـد
و گـر یـک بذلـه گویـد پادشـاهی
از اقـلـیـمـی به اقلیمی رسـانـنـد

**અગર સદ નાપસંદ આયદ ઝ દરવેશ**
**રફીકાનશ યકી અઝ સદ નદાનંદ**
**વગર યક બઝલા ગોયદ પાદશાહી**
**અઝ અકલીમી બા અકલીમી રસાનંદ**

*(જો કદાચ કોઈ ગરીબ માણસ એકસો જેટલાં નિર્લજ્જ કાર્યો આચરે તો તેના મિત્રો તેની ઉપેક્ષા કરશે પરંતુ જો કોઈ રાજા એકાદ રમૂજી વાત કહે તો તે સમાચાર એક રાજ્યમાંથી બીજા રાજ્ય સુધી ફેલાઈ જશે.)*

## Excellence (શ્રેષ્ઠતા/સરસાઈ/ઉત્કૃષ્ટતા)

مـرغـک از بیضـه برون آیـد و روزی طـلـبـد
وآدمـی بچّه، نـدارد خبـر و عقل و تـمـیـز
آن که ناگاه کسی گشت بـه چیزی نرسـیـد
وین به تمکین و فضیلت بگذشت از همـه چیز
آبگینه همه جا یابی، ازآن قـدرش نـیـسـت
لـعل دشخوار به دسـت آید، از آن است عزیز

**મુર્ગક અઝ બૈઝા બરૂન આયદ વ રોઝી તલબદ વ આદમી બચ્ચા, નદારદ ખબર વ અકલ વ તમીઝ આંકે નાગાહ કસી ગશ્ત બ ચીઝી નરસીદ વીન બ તમ્કીન વ ફઝીલત બગુઝિશ્ત અઝ હમા ચીઝ આબગીના હમા જા યાબી, અઝાન કદરશ નીસ્ત લાલ દશખ્વાર બ દસ્ત આયદ અઝ આં અસ્ત અઝીઝ**

*(મરઘીનું બચ્ચું જેવું જન્મ લે છે કે તરત જ પોતાનો ખોરાક શોધવા મંડી પડે છે પરંતુ કોઈ નવજાત શિશુમાં એવી સભાનતા, સમજશક્તિ કે વિવેકબુધ્ધિ નથી હોતી. મરઘીનું બચ્ચું કે જે તાત્કાલિક કૌશલ્ય પ્રાપ્ત કરી દે છે તેનું કશું મૂલ્ય નથી જ્યારે બાળક મોટું થયા પછી પોતાના ઉચ્ચ મોભાથી અને ઉત્કૃષ્ટતાથી દરેક જણ પર અને દરેક વસ્તુ પર સરસાઈ ભોગવે છે. સામાન્ય કાચનો ટુકડો તો બધી જગ્યાએથી મળી આવે છે અને તેનું કશું મૂલ્ય પણ હોતું નથી જ્યારે માણેક મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે અને તેથી જ તો તે મૂલ્યવાન ગણાય છે.)* ✻


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦



**એસ. એસ. મોમિન** મો. ૯૪૨૭૪૦૦૪૨૯
(સદીકપુરવાળા) મો. ૯૩૨૭૫૯૮૪૯૫



**કિસાન**
**હાર્ડવેર સ્ટોર્સ**

લગ્નની પેટીઓ, પાઈપના ખાટલા, ઔણ, પ્લાસ્ટીક તથા લોખંડના તગારા, બાલ્ટીઓ, પ્રાણીઓના માંચડા, સાંકળ તેમજ ખેતીવાડી ઉપયોગી તમામ સાધનો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

જી-૧૫, રીગલ શોપીંગ સેન્ટર,
બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર.



**આશિકાને હક ટૂર**

**યોજે છે હજ-ઉમ્રહ ઝિયારત**

અલ્લાહના ફઝલો કરમથી, પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓ સાથે અમારી નવીન ટૂર **'આશિકાને હક'** દ્વારા જૂન-૨૦૧૦માં (ઈ.અ.) પ્રથમ ટૂરનું આયોજન કરેલ છે. તો આ ટૂરમાં શામેલ થવા ઈચ્છતા મોમિન ભાઈ-બહેનોએ નીચેના મોબાઈલ નંબર્સ પર સંપર્ક કરવા અરજ છે.

:::::::::::::::::::::::: **સંપર્ક** ::::::::::::::::::::::::

**(૧) હાજી શેરઅલી દાઉદ મુખી (રસુલપુર-કાકોશી)**
મો. ૯૮૨૫૭૩૨૨૮૭

**(૨) કાસમઅલી સુલેમાન પલસાણીયા**
૯૯૨૫૨૮૨૨૨૮ -રસુલપુર
૦૯૦૨૯૧૪૦૭૬૫ -મુંબઈ

**(૩) હાજી મહંમદઅલી હાજી દાઉદ પલસાણીયા**
મુંબઈ(જોગેશ્વરી) મો.૦૯૮૬૯૧૦૨૮૮૫

હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૬૮**

**રખે પીયા પંથે દો દિલા કરતે,**
**ભેદ બિના અબુઝ દોઝખ પડતે.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુના પંથ ઉપર ચાલતાં રખેને તમે બે દિલ કરતા અર્થાત શંકા-કુશંકા કરતા કારણ કે પંથનું રહસ્ય જાણ્યા વગર તો અણસમજુ બંદો દોઝખમાં જ પડશે.)*

**દુરિજન રાહમાં તો સુરિજન પાવે,**
**જો તન મન અપના પીયુસુ લગાવે.**

*(જો બંદો પોતાનું તન અને મન બન્ને પીયુના માર્ગ પર લગાવે તો ભલેને તેના માર્ગમાં દુરિજન શયતાન બેઠેલો હોય તો પણ તે સુરિજનનો પંથ પામશે.)*

**દુનિયામાં દુરિજન બોત બોતેરા,**
**પીયાજી દુનીમાં હે રે અનેરા.**

*(આ દુનિયામાં ડગલેને પગલે ઘણી વખત દુરિજન શયતાનનો સામનો થશે. પીયુજીનું દુનિયામાં પણ સ્થાન અનેરું છે.)*

**જે રે પંથ બિના જગતસું ધાવે,**
**તો દુરિજન પંથમાં ભુલા રે જાવે.**

*(જે બંદો પીયુનો પંથ મેળવ્યા વગર જ જગત પાછળ - દુનિયા પાછળ દોટ મૂકે તો દુરિજન શયતાનના રસ્તામાં તે ભૂલો જ પડે.)*

**બેદકા ભેદ નાં જાંનો કોઈ,**
**વે રે જે સીધી રાહા ન બુઝે સોઈ.**

*(જે બંદો ધર્મશાસ્ત્રના જાહેરી માર્ગનો ભેદ ન જાણે તે ધર્મના સીધા રસ્તાને - સિરાતે મુસ્તકીમને સમજી ન શકે.)*

**એ અવલી રે ઘાંટી, ને દુનિયા અવલી,**
**પીયાકું તો પાવે જો રાહ દેખે સવલી.**

*(આ માર્ગની ઘાંટીઓ ય અવળી છે અને એ દુનિયા પણ અવળી છે. પીયુને તો એ જ બંદો મેળવી શકે કે જે સવળા રસ્તાને અપનાવે.)*

**જે બેદુંકું દેખ આપ મન જાંણી,**
**જું કુવા રે ઊંડા ને ભીતર પાંણી.**

*(જે બંદો શરીઅતની જાહેરી બાબતોને જોઈને પોતાના મનથી એવું જાણી લે કે આ કૂવો તો જાહેરી રીતે ઊંડો દેખાય છે પરંતુ તેના તળિયે જાઓ ત્યારે જ પાણી દેખાશે.)*

**તે બરત હો બિના વે બાર નાં આવે,**
**તો બરત બિના પિયાસા ક્યું સંતોક પાવે?**

*(પાણીને કૂવામાંથી બહાર કાઢવાનું માધ્યમ વસીલો વરત અર્થાત જાડું દોરડું છે. તો જો વરત રૂપી વસીલો જ ન હોય તો કૂવાના કાંઠે ઊભેલો તરસ્યો માણસ વરત વગર કેવી રીતે સંતોષ અનુભવે?)*

**તો પીયા કેરી રાહા બેદમાં એસી,**
**તો ભેદ બિના મન ન બુજે કેસી ?**

*(તો ધર્મશાસ્ત્ર -શરીઅતની બાબતમાં પીયુનો રસ્તો આવો છે. તેનું રહસ્ય જાણ્યા વગર બંદાનું મન તેને કેવી રીતે સમજી શકે ?)*

**પીયા કેરી રાહા બેદ ભેદ માંહાં,**
**તો તરીકતી વે કો જે બુઝે ઉસ ઠાંહાં.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુનો રસ્તો શરીઅતમાં અને તરીકતમાં - જાહેરમાં અને ભેદમાં બન્નેમાં સમાયેલો છે. તો તરીકતી તો એને જ કહેવાય કે જે આ બાબતને સમજે.)*

**તો પીયા કેરા બેરાગ જીસ તન લાગે,**
**તો બેદ પંથ રાહમાં સોહી રે જાગે.**

*(જે બંદાના શરીરમાં પોતાના પીયુનો વિરહ લાગે તો તે ભલેને શરીઅતના જાહેરી પંથમાં હોય તો પણ શોભી ઉઠે.)*

**પીત બિના પીયાકી રાહ નાં પાવે,**
**તો મુરખ બિન પીત જનમ ગમાવે.**

*(પ્રેમ આ માર્ગની મુખ્ય શરત છે. પ્રેમ વગર પીયુનો રસ્તો મેળવી શકાતો નથી. તો જે માણસ પ્રેમ વિહોણો હોય તે મૂરખો છે અને પોતાનો જન્મારો ફોગટમાં ગુમાવે છે.)*

**તરીકત તરવાર ધાર જે કહીએ,**
**જો ડગે તો ટુકડે જ્જુએ લહીએ.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતના રસ્તા ઉપર ચાલવું એ તલવારની ધાર પર ચાલવા બરોબર છે. જો તલવારની ધાર પર ચાલતાં ચાલતાં માણસ ડગી જાય તો તેના ટુકડે ટુકડા થઈ જાય છે.)*

**બિકટ હો ખેલા તરીકત કીતા,**
**પણ રાહ બિન નાં પાવે પીયુજી રે મીતા.**

*(તરીકતનો રસ્તો ખૂબ જ વિકટ, ખૂબ જ કઠીન બનાવવામાં આવ્યો છે તેમ છતાં ય જે માણસ પીયુને મળવા માગતો હોય તો તે આ રસ્તા ઉપર ચાલ્યા વગર પીયુને મળી શકતો નથી.)*

**તરવાર કાટા સો સાંધા રે જાવે,**
**પણ તરીકતી ડગીઆ સો ઠાંમ નાં આવે.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તલવારથી કપાયેલા માણસને સાંધી પણ શકાય પરંતુ જે માણસ તરીકતના માર્ગ ઉપરથી ડગી ગયો તે પોતાના અસલ સ્થાને પાછો આવી શકતો નથી.)*

**બેદ હો પીયા કે પીરૂં મુખે જાંનો,**
**ઉસ માંહી દુરિજન રાહ પિછાંનો.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે પીયુના વેદની વાતો પોતાના મુરશિદ અથવા પીરના મોઢેથી જાણો અને એમાં પણ દુરિજન શયતાનના રસ્તાને બરાબર ઓળખી લો.)*

**તો પીરૂં બેદ માંહી પીયાજી રે જાંનો,**
**પણ દુરિજન નિશાંની વિગત પિછાંનો.**

*(પીરાને તરીકતે બતાવેલ શરીઅતની જાહેરી બાબતોમાંથી તમે તમારા પીયુને જાણી લો પરંતુ સાથે સાથે દુરિજન શયતાનની નિશાનીની વિગતો પણ ઓળખી લો.)*

**એ રે બિમાસણ પીયા કેરી રાહમાં,**
**તો તરીકતી કું રે સમજણ કાંમા.**

*(પીયુને પ્રાપ્ત કરવાના માર્ગમાં શયતાન હોય છે તો આ રસ્તામાં આવી વિમાસણ હોય છે માટે તરીકતીએ આની સમજણ ધરાવવી જોઈએ.)*

**પીયા બેદ ભેદ કર સમજતે લીજે,**
**તો ઉસ રાહમાં મન પતીજે.**

**-: રે તુંહી :-**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા સમજાવે છે કે તું પીયાને મળવાના જાહેરી માર્ગને ભેદીને આ બાબતને સમજી લેજે તો જ આ રસ્તામાં તારું મન સ્થિર રહેશે.)*

**તરીકતી રાહ યું માંન કર, જું ખાંડે કેરી ધાર રે,**
**જું ખાંડે કેરી ધાર;**
**જે ચલતે કભી જો ડગીઆ, તો ટુકડે કીયે અનુધાર રે,**
**તો ટુકડે કીયે અનુધાર.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતના માર્ગ પર તું એવું સમજીને ચાલજે કે તું તલવારની ધાર ઉપર ચાલી રહ્યો છે. જો તે માર્ગ પર ચાલતાં જો તું ડગી ગયો તો તારા ટુકડે ટુકડા થઈ જશે.)* ✻



*મન્સુરઅલી રોશનઅલી*
*આંબલીયાસણા*
*(વાઘરોલ)*
MBBC

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

*(ગતાંકનું ચાલુ)*

*ઉર્વાનું મરી જવું શામીઓ માટે ખૂબ જ કષ્ટદાયક નીવડ્યું કેમકે તેની ગણતરી મશહૂર બહાદુરોમાં થતી હતી. એટલામાં રાત પડી ગઈ અને જનાબે અમીર(અ.) પોતાની ફોજમાં પાછા આવી ગયા. ત્યાર પછી એક દિવસે ફરીથી એવા સંજોગો ઊભા થયા કે બન્ને લશ્કર એક બીજાની સામે ઊભાં થઈ ગયાં. જનાબે અમીર(અ.) અપેક્ષા અનુસાર બન્ને લશ્કરોની વચ્ચે ટહેલી રહ્યા હતા. ઉમરૂ બિન આસ ફોજમાંથી બહાર નીકળ્યો કેમકે જનાબે અમીર(અ.)એ પોતાનો વેશ બદલી દીધો હતો જેથી ક્યાંક મોઆવિયા સાથે આમનો સામનો થઈ જાય અને દરરોજનો ટંટો સમાપ્ત થઈ જાય. આ કારણે તે હઝરતને ઓળખી ન શક્યો અને મેદાનમાં નીકળ્યો અને આ મુજબ રજઝ પઢવા લાગ્યો કે અય કુફાના સિપેહસાલારો ! અય ફિત્નો પેદા કરવાવાળાઓ ! હું તમને મારી નાખીશ અને અબુલ હસનની કોઈ મર્યાદા નહીં જાળવું. જનાબે અમીર(અ.)એ તેના ઉપર હુમલો કર્યો. તેણે હઝરતને ઓળખી લીધા અને મેદાનથી પીઠ ફેરવીને નાઠો. આપે તેના ઉપર નેઝો માર્યો. નેઝો તેની ઝિરહના કડામાં ભરાઈ ગયો અને તે ઝટકો ખાઈને જમીન ઉપર પડી ગયો. તેને એવો ડર પેદા થઈ ગયો કે જનાબે અમીર મને જીવતો નહીં છોડે. તેણે પોતાના બન્ને પગ ઊંચા કરીને પોતાની શરમની જગ્યાને નગ્ન કરી દીધી. હઝરત અમીર(અ.)એ તેનાથી પોતાનું મોઢું ફેરવી લીધું અને પોતાના લશ્કરમાં પાછા આવી ગયા.*

*ઉમરૂ બિન આસ ત્યાંથી ઊઠીને ભયભીત અવસ્થામાં મોઆવિયાની પાસે આવ્યો. મોઆવિયા તેને જોઈને હસવા લાગ્યો. ઉમરૂ બિન આસ ખસિયાણો પડી જઈને કહેવા લાગ્યો, તું કેમ હસે છે ? અલ્લાહ કસમ, અગર તું મારી જગ્યાએ હોત તો તારી શરમની જગ્યા પણ મારી માફક નગ્ન થઈ જાત. અગર આ વખતે જનાબે અમીર પાછા ન જતા રહ્યા હોત તો તારી ઓલાદને ચોક્કસ યતીમ કરીને જાત અને તારા માલને લૂંટી લેત. મોઆવિયાએ કહ્યું કે મેં તો હાસ્ય દ્વારા એવી બાબત કહી હતી કે અગર મને ખબર હોત કે તું મશ્કરાપણું સહન નથી કરી શકતો તો હું કદાપી એવું ન કરત. ઉમરૂ બિન આસે કહ્યું, હું તમારા મશ્કરાપણાથી ગુસ્સે નહીં થાત પરંતુ અસલ બાબત એ છે કે અગર એક બહાદુર બીજા બહાદુર સાથે લડતો હોય અને તે પડી જાય અને બીજો તેને મારવાથી અલગ થઈને તેને કતલ ન કરે તો આસમાન તેના ઉપર ખૂનનાં આંસુએ રડે છે. મોઆવિયાએ કહ્યું, પરંતુ હંમેશાંને માટે બદનામી અને અપમાન યાદગાર બની જતાં હોય છે. ઉમરૂ બિન આસે કહ્યું, મેં તેમને ઓળખ્યા ન હતા. અગર હું તેમને ઓળખી લેત તો કદી પણ તેમની તરફ ડગ ન માંડત.*

*પછી મોઆવિયાના લશ્કરના કુશળ ઘોડે સવારોમાંથી બશીર ઈબ્ને અરતાત કે જે બહાદુરી માટે પ્રખ્યાત હતો તેણે જનાબે અમીર(અ.)ના પોકારને સાંભળ્યો કે આપ મોઆવિયાને પોતાના મુકાબલામાં આવવાની ઈચ્છા ધરાવે છે અને મોઆવિયા તેમના મુકાબલામાં જવાથી પોતાની જાતને બચાવે છે તેથી તેણે પોતાના ગુલામ લાહક સાથે મશ્વેરો કર્યો કે હું અલી(અ.)ના મુકાબલામાં*

જવાની ઈચ્છા રાખું છું કદાચ તે મારા હાથે કતલ થાય અને મારા કારણે અરબમાં તેમની ખ્યાતિ વિસરાઈ જાય. લાહકે કહ્યું, અગર તમે તમારી જાતમાં તેમનો મુકાબલો કરવાનો ઉત્સાહ ધરાવતા હો તો તે કાર્ય કરવાની સ્ફૂર્તિ દેખાડો નહિતર એ કામ કરવાનું માંડી વાળો કેમકે ખુદાના સમ આ માણસ બહાદુરીપૂર્વક ઘા કરનારો છે. અય બશીર! જો તું તેમના જેવો હોય તો તેમની સાથે લડાઈ કરવાનો સંકલ્પ કર નહિતર તું પોતે જ જાણે છે કે સિંહ જંગલી બિલાડાને ખાવાવાળો છે. તું ક્યારે તેમની પાસે જઈ શકે છે ? કેમકે તેમના નેઝાની અણી પર મોત છે અને તેમની તલવારમાં તારી જાન સાથે સંબંધ છે. બશીરે કહ્યું, અય લાહક ! તારા પર અફસોસ છે, આમાં તો મોતના સિવાય બીજી કોઈ બાબત જ નથી. પછી ભલે જે કંઈ છે તે જ થાય. હું તેમના મુકાબલા માટે જાઉં છું. આટલું કહીને બશીર મેદાનમાં ગયો.

જનાબે અમીર(અ.)એ તેને જોતાંની સાથે જ તેના ઉપર નેઝાથી હુમલો કર્યો. તે નેઝાના ઘાથી જમીન ઉપર ચત્તો પડી ગયો અને પોતાના બન્ને પગ ઊંચા કરીને પોતાની શરમની જગ્યાને ખુલ્લી કરી દીધી. જનાબે અમીર(અ.)એ તેના તરફથી મોઢું ફેરવી લીધું. બશીર કૂદીને ઊભો થઈ ગયો. તેના માથા ઉપરથી લોખંડની જાળી ઉતરો પડી. જનાબે અમીર(અ.)ના લશ્કરના માણસોએ તેને ઓળખી લઈને જનાબે અમીર(અ.)ને અરજ કરી, યા અમીરૂલ મોમિનીન ! આ બશીર બિન અરતાત છે. તેને જીવતો ન જવા દેતા. આપે ફરમાવ્યું, જો તે બશીર બિન અરતાત પણ હોય તો તેની શકલને ગુમ થઈ જવા દો. જે બાબતનો તે હકદાર છે તે જ બાબત તેના ઉપર થવા દો. ત્યાર પછી બશીર ઘોડા ઉપર સવાર થઈને મોઆવિયાની પાસે ચાલ્યો ગયો. મોઆવિયા હસીને કહેવા લાગ્યો, શરમની કોઈ બાબત નથી કેમકે ઉમરૂ બિન આસની બાબતમાં પણ આવું જ થયું હતું.

જનાબે અમીર(અ.)ની ફોજમાંથી કુફાના એક યુવકે જોરથી બૂમ પાડીને કહ્યું, અય શામવાળાઓ ! તમને શરમ નથી આવતી કે તમને ઉમરૂ બિન આસે જંગના પ્રસંગે પોતાના ગુપ્ત અંગો ખોલીને બતાવવાનું ખૂબ સારી રીતે શીખવાડ્યું છે? બશીર ઉમરૂ બિન આસને અને ઉમરૂ બિન આસ બશીરને જોઈને આપસમાં હસ્યા કરતા હતા. જનાબે અમીર(અ.) તરફ શામના રહેવાસીઓ ખૂબ જ ભયભીત થઈ ગયા અને કોઈનામાં તેમની સામે લડવા જવાની હિંમત ન હતી. એક વખત જનાબે ઉસ્માનનો ગુલામ કે જેનું નામ અહમર હતું તે મેદાનમાં આવ્યો. તેના મુકાબલામાં હઝરત અમીર(અ.)નો ગુલામ કૈસાન લડવા માટે નીકળ્યો. અહમરે તેને કતલ કરી નાખ્યો. આ જોઈને જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, અગર હું તને કતલ ન કરું તો ખુદા મને કતલ કરે આટલું કહીને આપે તેના ઉપર હુમલો કરી દીધો. તે ગુલામે પણ તલવાર ખેંચીને જનાબે અમીર(અ.) ઉપર હુમલો કર્યો. જનાબે અમીર(અ.)એ તેની તલવાર પર તલવાર મારી અને નજીક જઈને હાથ લાંબો કર્યો અને તેની ગરદનને પકડીને તેને ઘોડા ઉપરથી ઉઠાવી લીધો અને જમીન પર પછાડ્યો. તેનાં હાડકાં પાંસળાં ચૂર ચૂર થઈ ગયાં. મોઆવિયા પોતાના ગુલામ હરીસને કે જે નામી બહાદુર હતો, તેને જનાબે અમીર(અ.)ના મુકાબલાથી ડરાવ્યા કરતો હતો. એક વખત જનાબે અમીર વેશપલટો કરીને અને મેદાનમાં બહાર નીકળીને લડવૈયાની માગણી કરી રહ્યા હતા ત્યારે ઉમરૂ બિન આસે હરીસને કહ્યું, જા જઈને પેલા સવારનો મુકાબલો કર અને તેને જીવતો ન જવા દેતો. હરીસ મેદાનમાં ગયો. તે જનાબે અમીરને ઓળખી શકતો ન હતો. થોડી વાર પસાર થઈ નહોતી એટલામાં તો જનાબે અમીરે તેના માથાના ટોપા પર તલવાર મારી જેના પ્રહારથી તે ઘાયલ થઈને જમીર પર પડી ગયો. મોઆવિયા અને શામના લોકો સમજી ગયા કે આ જનાબે અમીર(અ.) છે. મોઆવિયાને પોતાના ગુલામના માર્યા જવાનો ખૂબ રંજ થયો. ઉમરૂ બિન આસને કહેવા લાગ્યો, તેં મારા ગુલામને મરાવી નાખ્યો છે કેમકે તેં તેને ઉશ્કેરીને મેદાનમાં મોકલ્યો હતો. (ક્રમશઃ)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### માનવ સેવા

અલ્લાહ તઆલાએ માણસને ઘણા બધા ગુણધર્મોની ભેટ ધરી છે અને તેથી જ તો માણસ પ્રાણીઓ-પશુઓથી જુદો પડે છે. અલ્લાહે માનવ જાતને સર્વોચ્ચ કક્ષાની બુધ્ધિ આપી છે, તેને વિવેક બુધ્ધિ આપી છે જેથી કરીને તે સારું શું અને ખરાબ શું તે બન્ને વચ્ચેના તફાવતને પારખી શકે છે. જેમ બીજાં પશુ-પક્ષીઓ પોતાના જેવાં પશુ-પક્ષીઓ સાથે ટોળામાં રહેવાનું પસંદ કરે છે તેવી જ રીતે માણસને પણ પોતાની કોમના માણસોની સાથે, પોતાના સમાજના માણસોની સાથે સમૂહજીવન પસાર કરવાનું ગમે છે.

માણસ સમાજ વગર સારી રીતે જીવન પસાર કરી શકે નહીં. તેને સમાજમાં રહેવાથી એક પ્રકારની હૂંફ મળે છે. એક બીજાનો આદર સત્કાર કરવાની, એક બીજાને મદદરૂપ થવાની જે ભાવના હોય છે તે એવું કેન્દ્રિય બળ હોય છે કે જે માણસને સમાજમાં રહેવા માટે દબાણ કરે છે. જો માણસમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના જ ન હોય તો પશુમાં અને તેનામાં કોઈ તફાવત નથી. માણસ બીજા માણસને મદદરૂપ થાય એ જ તો છે માનવ સેવા-ખિદમતે ખલ્ક. ખિદમતે ખલ્ક અર્થાત જીવ સેવા એ તરીકતના સિધ્ધાંતોમાંથી એક સિધ્ધાંત છે.

અલ્લાહ ઉપર ઈમાન લાવવું એટલે અલ્લાહ પ્રત્યે અતૂટ પ્રેમની લાગણી રાખવી. આ બાબતનો સ્વીકાર કર્યા પછી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે કોઈ પણ બંદા માટે અલ્લાહના પ્રેમનો સાચો અને વ્યવહારૂ માર્ગ કયો છે ?

મૌલાના આઝાદ એમની કિતાબ **'તર્જુમાનુલ કુર્આન'**ના પહેલા ભાગના આઠમા પાના ઉપર આ બાબતે આવો નિર્દેષ કરે છે :

**'અલ્લાહ સાથે પ્રેમ રાખવાનો માર્ગ એના બંદાઓ પ્રત્યે પ્રેમ રાખવા ઉપર અવલંબિત છે. જો કોઈ માનવીની એવી ઈચ્છા હોય કે તે અલ્લાહ સાથે પ્રેમ કરે તો તેણે અલ્લાહના બંદાઓ સાથે પ્રેમ કરતાં અવશ્ય શીખવું જોઈએ.'**

જીવ સેવા કરનારા એટલે કે ખિદમતે ખલ્ક કરનારા જ અલ્લાહના સાચા પ્રેમીઓ હોય છે. આનો કુર્આની ઈશારો નીચે આપેલી બે આયતોના ભાષાંતરમાંથી મળી શકશે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અને જે લોકો પોતાનો માલ અલ્લાહના પ્રેમમાં કાઢે છે અને ખર્ચ કરે છે.'**

(પારો-૨, સૂરએ બકર)

બીજી એક આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'અને જે લોકો અલ્લાહના પ્રેમમાં નિરાધારો, યતીમો અને કેદીઓને ખાવાનું ખવડાવે છે અને કહે છે કે અમારું પીરસેલું આ જમણ માત્ર અલ્લાહની ખાતર જ છે અને બીજું કશું જ નથી. અમે એનો તમારી પાસેથી બદલો પણ ચાહતા નથી અને તમારું આભાર દર્શન પણ અમારે જોઈતું નથી.'** (સૂરએ દહર, આયત-૮/૯)

હઝરત બરાઅ બિન આઝિબ(રઝી.)થી એવી રિવાયત છે કે એક બદવીએ હઝરત રસૂલે ખુદા(સ.)ની સેવામાં હાજર થઈને પૂછયું,

'મને એવાં કાર્યો શીખવો કે જેનાથી સ્વર્ગ મળે.'

તો આપ(સ.)એ ફરમાવ્યું,

*'માનવીને ગુલામીમાંથી મુક્ત કરાવ અને જુલ્મી સગાનો હાથ પકડ (અર્થાત એને જુલ્મ કરતો અટકાવ). જો આટલું તારાથી બની શકે તેમ ન હોય તો ભૂખ્યાઓને ખવડાવ, તરસ્યાઓને પાણી પા અને સારો માર્ગ બતાવ, ખરાબ માર્ગે જતાં બચાવી લે. જો આટલું પણ તારાથી બની શકે તેમ ન હોય તો માત્ર કોઈની ભલાઈ કરવાની હોય તે સિવાય તારી જીભને અંકુશમાં રાખ.'*

હદીસોમાં ઘણી જગ્યાએ લોકસેવા દ્વારા અલ્લાહ તઆલાની મહોબ્બત પ્રાપ્ત કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને અલ્લાહ સાથે કઈ રીતે મહોબ્બત થઈ શકે એના માટે તેમાંથી માર્ગદર્શન પણ મળી આવે છે.

હઝરત અબુ હુરેરા(રઝી.)થી રિવાયત છે,

*'કયામતના દિવસે એવું થશે કે ખુદા કોઈ માનવીને કહેશે, હે ઈબ્ને આદમ! (અય આદમના પુત્ર!) હું બીમાર થયો હતો છતાં તું મારી તબીયત પૂછવા પણ આવ્યો નહીં ? બંદો આશ્ચર્યચકિત થઈને કહેશે, એવું કેવી રીતે બની શકે ? અને વળી તું તો રબ્બુલ આલમીન છે. ખુદા તઆલા ફરમાવશે કે મારો અમુક બંદો જે તારી પડોશમાં રહે છે તે માંદો પડ્યો હતો અને તેં એની ખબર પણ ન પૂછી ? જો તું એ માંદા માણસની ખબર પૂછવા ગયો હાત તો તું મને તેની પાસે જ જુઅત (અર્થાત તેની સેવા ચાકરી એ મારી સેવા ચાકરી કરવા સમાન હતું). એ જ રીતે ખુદા ફરમાવશે, હે ઈબ્ને આદમ ! મેં તારી પાસે ખાવાનું માગ્યું હતું પણ તેં મને ખવડાવ્યું નહીં. બંદો અરજ કરશે કે એવું તો કેવી રીતે બની શકે કે તારે કોઈ પણ બાબતની જરૂર હોય ? અલ્લાહ ફરમાવશે કે શું તને યાદ નથી કે મારા અમુક ભૂખ્યા બંદાએ તારી પાસે ખાવાનું માગ્યું હતું અને તેં એને ના પાડી હતી. જો તું તેને ખવડાવત તો મને ખવડાવ્યા બરાબર હતું. (સહીહ મુસ્લિમ)*

સૂફીયાએ કિરામે અલ્લાહના પ્રેમના વ્યવહારૂ માર્ગ તરીકે માનવ સેવાનું કાર્ય પોતાના હાથમાં લીધું હતું. તેમણે પોતાના જીવન માનવ સેવા માટે સમર્પિત કરેલાં હતાં. તેઓ માણસોના મનને પ્રેમ સંબંધથી જોડવા રાત દિવસ પ્રવૃત્ત રહેતા હતા. કોઈનું દુઃખ જોઈને તેઓ બેચેન બની જતા હતા. મશાયખોનાં જીવન વૃત્તાંતો જોવાથી ખાત્રી થશે કે આ બુઝુર્ગોએ માનવ સેવાને પોતાના જીવનનું મહત્વનું ધ્યેય બનાવી દીધું હતું. માનવ સેવા તેમના જીવનની એક મુખ્ય ફરજ હતી. આજે પણ સૂફીઓની આ પરંપરા અવિરતપણે ચાલુ જ છે.

હઝરત શેખ નિઝામુદ્દીન અવલિયા(રહે.) ફરમાવતા હતા :

*'કયામતના દિવસે આત્માઓને રાહત પહોંચાડવાના કાર્યની વધુ કદર કરવામાં આવશે.'*

જો માણસ બીજાને મદદરૂપ થવાની શક્તિનો ઉપયોય ન કરે, બીજાને માર્ગદર્શન આપવાની શક્તિનો ઉપયોગ ન કરે તો તેનું જીવન જીવવું ફોગટ છે. ઈસ્લામ ધર્મમાં માનવ સેવા કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે અને આ અંગે વારંવાર ટકોર કરવામાં આવી છે.

પયગમ્બરે ઈસ્લામ(સ.)એ ફરમાવ્યું છે :

**ઝખ્મ પે ઝખ્મ ખાકે જી, અપને લહૂકે ઘૂંટ પી,**
**આહ ન કર, લબોંકો સી, ઈશ્ક હૈ, દિલ્લગી નહીં.** - એહસાન 'દાનિશ'

(ઈશ્ક કરવામાં તો એક પછી એક જખમ ખાવાના હોય છે અને પોતાના જ લોહીના ઘૂંટડા પીવાના હોય છે. આમાં દુઃખના ઊંહકારા કરવાના હોતા નથી. હોઠોંને સીવી લેવાના હોય છે કેમકે આ તો ઈશ્ક છે, કંઈ હસી-મજાક નથી.)

'જે વ્યક્તિ મુસલમાનોના મામલાઓમાં રસ જ ન લે તે મુસલમાન જ નથી અને એ વ્યક્તિ પણ મુસલમાન નથી કે જે પોતાના મુસ્લિમ બંધુને મદદ માટે બૂમો પાડતો સાંભળે છતાં તેની મદદ ન કરે.'

માનવ સેવા કરવાનો સવાબ પણ પુષ્કળ મળે છે. બીજાં થોડાંક જ એવાં કાર્યો છે કે જેનો સવાબ માનવ સેવા કરવા જેટલો મળતો હોય છે.

હદીસમાં એવું પણ લખવામાં આવ્યું છે :

***'જે માણસ પોતાના મુસ્લિમ બંધુની જરૂરિયાતોને પૂર્ણ કરે છે તે માણસ એના જેવો છે કે જેણે આખી જિંદગી સુધી અલ્લાહની ઈબાદત કરી હોય.'***

કેટલીક વાર જો કોઈ માણસ આપણી પાસે મદદની માગણી કરે પરંતુ આપણે તેને મદદ કરવાની સ્થિતિમાં ન હોઈએ, આવા સંજોગોમાં પણ જો આપણી નિય્યત શુધ્ધ હોય તો તેનો સવાબ આપણને મળે છે.

આપણા પાંચમા ઈમામ હઝરત મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું છે :

***'કેટલીક વાર એવું બનતું હોય છે કે કોઈ મુસલમાન બીજા મુસલમાન પાસે મદદ માગે અને તે તેને મદદ કરવાનું વલણ ધરાવતો હોય પરંતુ તે મદદ કરવાની સ્થિતિમાં ન હોય તો પણ અલ્લાહ તેને તેની આવી નિય્યત માટે જન્નતમાં મોકલશે.'***

માનવ સેવા કરવા અંગેની કદાચ સૌથી સારી નસીહત ઈમામ હુસૈન(અ.)એ આપી છે. આપ(અ.)એ આ અંગે કહ્યું છે :

***'લોકો આપણને(મદદ માટે) જે વિનંતીઓ કરે છે તે અલ્લાહની નેઅમતો છે તેથી કંટાળાની કે વ્યથાની લાગણી ન અનુભવો.'***

રોજિંદા જીવનમાં આપણને ડગલે ને પગલે બીજા લોકોની સેવા કરવાની તકો મળી રહેતી હોય છે, જેવી કે હજ અથવા ઝિયારત કરવા જવાના

## નુસ્ખા

### ચામડીના રોગો

*(ગતાંકનું ચાલુ)*

* ગરમ પાણીમાં આમળાનો ભૂકો નાખીને, તેને ઉકાળીને પાણીથી સ્નાન કરવાથી ચામડી મુલાયમ બને છે.
* દૂધમાં લીંબુનો રસ મેળવી સવાર-સાંજ ચહેરા પર માલિશ કરવાથી ચહેરો સ્વચ્છ, કોમળ અને ચમકદાર બને છે. આખા શરીરે માલિશ કરવાથી શરીર તંદુરસ્તીભર્યું બને છે.
* એક શેર પાણીને ઉકાળીને પા શેર બનાવી દીધા બાદ તેમાં સરખે ભાગે ગ્લીસીરીન અને લીંબુનો રસ નાખી એક શીશીમાં ભરી રાખવું અને ખૂબ હલાવી એક સરખું મિશ્રણ કરવું. આનાથી દિવસમાં બે-ત્રણ વાર મોં પર માલિશ કરવાથી મોં પરના ડાઘા અને મેલ નીકળી જાય છે. ઠંડીમાં આ મિશ્રણથી ચામડી તરડાતી નથી અને ગરમીમાં એનાથી ઠંડક રહે છે. આ મિશ્રણથી સ્નો વાપરવાની જરૂર પડતી નથી.
* કેટલાક લોકોને ચહેરો સુગંધિત બનાવવા સ્નો વાપરવાની ટેવ હોય છે. તેને બદલે સ્નાન કર્યા બાદ બે ટીપાં સુખડના તેલનાં મોં પર ઘસવાથી સુગંધ આવે છે અને ચામડીને ઠંડક આપે છે.
* અળાઈ થઈ હોય તો હરડે અને ફટકડીનું પાણી બનાવીને તે અળાઈ પર રોજ લગાડવાથી તરત ફાયદો થાય છે.
* શિયાળામાં હાથ-પગની આંગળીઓની વચ્ચે ચળ અને ચામડીમાં ચીરા પડે તો ઘઉંના ભૂસામાં એક ચમચી મીઠું નાખીને પાણી નવશેકુ ગરમ કરી આ પાણીમાં હાથ-પગ રાખીને શેક કરવાથી ચળ મટી જાય છે. *

પ્રસંગે. આવા પ્રસંગોએ સેવા કરવાની ઘણી બધી તકો ઉપલબ્ધ બને છે. આ પ્રસંગોએ બીજાને મદદરૂપ થવાનાં આપણાં કાર્યો અલ્લાહ ખાતર હોવાં જોઈએ. તેમાં વળતરનો કે બીજો કોઈ લાભ મેળવવાનો આશય ન હોવો જોઈએ. ફક્ત અલ્લાહ ખાતર જ, અલ્લાહની ખુશી માટે જ આવાં કાર્યો હોવાં જોઈએ. (ક્રમશઃ)

## ટચૂકડી વાત

ઈમર ઈબ્ને શૈબા કહે છે,

'એક વાર હું બયતુલ્લાહની હજ કરવા માટે મક્કા ગયો હતો. મેં સફા અને મર્વાની વચ્ચે એક માણસને જોયો કે જે સવારી ઉપર બેઠેલો હતો. તેની ચારે તરફ ઘણા ગુલામો હતા કે જે તેને આગળ જવા માટે માણસોને હટાવી રહ્યા હતા. તે ગર્વપૂર્વક બન્ને ટેકરીઓ વચ્ચે સઈ કરી રહ્યો હતો.

ત્યાર પછી મારે એક વેળા બગદાદ જવાનું થયું. હું ફરતો ફરતો બગદાદના પુલ ઉપર પહોંચી ગયો. ત્યાં મેં એક માણસને જોયો કે જેનાં કપડાં ધૂળમાં રગદોળાયેલાં અને મેલાં હતાં, તેના વાળ વધી ગયેલા હતા. હું તેને ધ્યાનપૂર્વક જોવા માંડ્યો.

પેલાએ પૂછ્યું,

'તમે મારી તરફ આ રીતે ધારી ધારીને કેમ જુઓ છો ?'

મેં તેને કહ્યું,

'કેટલાંક વર્ષો પહેલાં મેં એક માણસને ભારે દબદબાપૂર્વક અને શાનપૂર્વક મક્કામાં 'સઈ' કરતો જોયો હતો. તેનો ચહેરો અસ્સલ તમારા જેવો જ લાગે છે.'

તેણે કહ્યું,

'હા. હું એ જ માણસ છું કે જેને તમે ઠાઠમાઠપૂર્વક સઈ કરતાં જોયો હતો. જે સ્થળે માણસે નમ્રતા અને આજીજીપૂર્વક વર્તવું જોઈએ ત્યાં મેં ઘમંડ કર્યો, મોટાઈ બતાવવા માટે ગુલામો સાથે પ્રદર્શન કર્યું જે ખુદાને પસંદ ન પડ્યું, પરિણામે આજે હું આ સ્થિતિમાં આવી ગયો છું. *

## General Knowledge Corner

**103**

**(૧) શિલ્પ સ્થાપત્ય માટેની વિશ્વ વિખ્યાત ગુફાઓ ક્યાં આવેલી છે ?**

(A) ઉદયપુર (B) ઈલોરા
(C) માઉન્ટ આબુ (D) આગ્રા

**(૨) પદાર્થોના ગુણધર્મોનો અભ્યાસ કરતા વિજ્ઞાનને શું કહે છે ?**

(A) ફિઝીક્સ (B) બાયોલોજી
(C) પેથોલોજી (D) કેમિસ્ટ્રી

**(૩) કોર્ટના કાનૂની કામ માટે કરવામાં આવતા સોગંદનામાને શું કહે છે ?**

(A) એમનેસ્ટી (B) એજન્ડા
(C) પ્રોસેડીંગ (D) એફિડેવિટ

**(૪) ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ કઈ તારીખે આવે છે ?**

(A) ૧, જૂન-૧૯૬૦ (B) ૧, મે-૧૯૬૨
(C) ૧, મે-૧૯૬૦ (D) ૧, મે-૧૯૬૧

**(૫) સાપુતારા પર્વત શિખર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?**

(A) ડાંગ (B) વલસાડ
(C) પંચમહાલ (D) સાબરકાંઠા

**(૬) સામાન્ય રીતે માનવ શરીરનું ઉષ્ણતામાન કેટલા ફેરનહીટ હોય છે ?**

(A) ૯૯.૪ (B) ૧૦૦.૦
(C) ૯૫.૪ (D) ૯૮.૪

**(૭) તાજેતરમાં યોજાયેલ હોકી વર્લ્ડકપમાં કયા દેશની ટીમ છેલ્લા ક્રમે રહી હતી ?**

(A) ભારત (B) પાકિસ્તાન
(C) અર્જેન્ટીના (D) દક્ષિણ કોરિયા

**(૮) 'સારે જહાંસે અચ્છા હિન્દુસ્તાં હમારા'ના રચયિતાનું નામ શું છે ?**

(A) ડૉ. ઈકબાલ (B) મિર્ઝા ગાલિબ
(C) જાવેદ અખ્તર (D) બંકિમચંદ્ર ચટોપાધ્યાય

# આપણા ઘરની વાતો

● **શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા :**



દમણ-દીવ યુનિયન ટેરીટોરી-સેન્ટ્રલ ગવર્મેન્ટ તરફથી દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ દીવ-દમણમાંથી કોઈ પણ બે શિક્ષકોને તેમની કારકીર્દિને તપાસીને યોગ્ય શિક્ષકને શ્રેષ્ઠ એવોર્ડ આપવામાં આવે છે જે આ વર્ષે ૨૦૦૯-૧૦નો એવોર્ડ આપણી જમાઅતના કમિટી સભ્ય અને ટ્રેઝરર આસિન્ટન્ટ ટીચર **મોમિન ઈમ્તિયાઝઅલી હાસમભાઈ ભગત**ને દમણ-દીવ સેલ્વાસના લેફટનન્ટ ગવર્નરના હસ્તે તા.૨૬-૧-૧૦ના રોજ કોલેજ ગ્રાઉન્ડ પર આપવામાં આવેલ છે. જે અનુલક્ષીને દમણ મોમિન જમાતની સંચાલત સમિતિના સભ્યો તરફથી જમાઅતના માજી પ્રમુખ મો.ગુલામહૈદર ફત્તેભાઈ



લાડજી તથા હાલના પ્રમુખ મો.ગુલામશબ્બીર(S.A.T.)એ તા.૨૩-૨-૧૦, **'ઈદે ઝેહરા'**ના દિવસે શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું.

આ અગાઉ જમાઅતના પૂર્વ સેક્રેટરી **મો.ગુલામશબ્બીર એ.રહેમાન મોમિન** ઉર્ફે માસ્તરે પણ જમાઅતમાં પ્રથમ વાર ૨૦૦૦ની સાલમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ યુનિયન ટેરીટોરી-સેન્ટ્રલ ગવર્મેન્ટ તરફથી મેળવ્યો હતો. 'જાફરી આવાઝ'(માસિક) પરિવાર તરફથી મો.ઈમ્તિયાઝઅલી અને મો.ગુલામશબ્બીરને હાર્દિક અભિનંદન.

● **શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર તરીકેનો એવોર્ડ અને પુરસ્કાર :**



જેઠીપુરા નિવાસી **મો.ઝોહરાબેન મહંમદકરીમ વિજાપુરા** છેલ્લા ૨૦ વર્ષથી ગામમાં આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવે છે. તેમની ઈડર તાલુકામાં શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર તરીકેની સેવા બદલ ગુજરાત સરકાર તરફથી મહિલા સંમેલન, અમદાવાદ મુકામે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઘટક કક્ષાનો તા.૭-૩-૨૦૧૦ના રોજ **માતા યશોદા એવોર્ડ** અને **રૂા.૨૧૦૦૦/-ના પુરસ્કૃત ઈનામ**થી સન્માનિત કરેલ છે. મો.ઝોહરાબેનને 'જાફરી આવાઝ' (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **વિશેષ કાર્યકારી અધિકારી તરીકે પસંદગી :**



પીરોજપુરા ગામના વતની અને હાલમાં મીરા રોડ-મુંબઈ ખાતે રહેતા **મો.અકબરઅલી ગુલામભાઈ સાલેહ**ની મહારાષ્ટ્ર સરકાર તરફથી વિશેષ કાર્યકારી અધિકારી (Special Executive Officer) તરીકે પાંચ વર્ષ માટે નિમણુંક થયેલ છે. મો.અકબરઅલીને 'જાફરી આવાઝ'(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.



● **ઈન્ના લિલ્લાહે... :**

←--- કઠોર નિવાસી **મર્હૂમ મો.કાસિમ ગુલામહુસૈન મોમિન** મુ.તા.૧૧, રબી.અવ્વલ-૧૪૩૧, તા.૨૬-૨-૨૦૧૦ને શુક્રવારના રોજ ૬૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા.



કેસીમ્પા નિવાસી **મર્હૂમા મો. કુલસુમબેન કાસમભાઈ શેરશીયા** મુ.તા. ૧૭, રબી.અવ્વલ-૧૪૩૧, તા.૪-૩-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૩૦ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નેકદિલ, ઈમાનદાર તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં. ---→



←--- ઈસ્લામપુરા નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન અબ્દુલભાઈ મરેડીયા (પટેલ)** મુ.તા. ૧૪, રબી.અવ્વલ-૧૪૩૧, તા.૧-૩-૨૦૧૦ને સોમવારના રોજ ૫૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળાં અને દયાળુ હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન હાજી કમાલભાઈ સાવદીભાઈ બટ્ટી (મુખી)** મુ.તા.૧૫, રબીઉલ અવ્વલ-૧૪૩૧, તા.૨-૩-૨૦૧૦ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક અને પરહેઝગાર તેમજ પીરો મુરશિદનાં ચાહક હતાં. ---→

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત મદ્રેસાની વાર્ષિક પરીક્ષા હિજરી સન-૧૪૩૧ પ્રથમ ત્રણ ક્રમે આવતા મદ્રેસાઓ**

| ક્રમ | મદ્રેસાનું નામ | ગામનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| | | **વિભાગ-એ (૨૦૦ ઉપર સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ મશાયખી | વાઘરોલ | ૨૧૧ | ૯૬.૨૦% |
| (૨) | મદ્રસએ ઝયનુલ ઈસ્લામ | બાદરપુર | ૩૦૫ | ૯૪.૦૯% |
| (૩) | મદ્રસએ શીઆહ જાફરી | કેસીમ્પા | ૩૬૭ | ૯૧.૦૦% |
| | | **વિભાગ-બી (૧૫૧ થી ૨૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ મહેમૂદીયા | મોલીપુર | ૧૭૨ | ૯૨.૪૪% |
| (૨) | મદ્રસએ મહેરૂલ ઉલૂમ | કાકોશી | ૧૯૪ | ૯૧.૭૫% |
| (૩) | મદ્રસએ મહેરૂલ ઉલૂમ | જોગેશ્વરી-મુંબઈ | ૧૯૪ | ૮૯.૧૭% |
| | | **વિભાગ-સી (૧૦૧ થી ૧૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ અહેમદીયા | મેતા | ૧૫૦ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ ફૈઝુલ ઉલૂમ | કિશોરગઢ | ૧૦૭ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ નૂરે ઈમાન | ખડીયાસણા | ૧૨૯ | ૯૯.૨૨% |
| | | **વિભાગ-ડી (૫૧ થી ૧૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | મદ્રસએ નૂરે ઈમાન | વડુ | ૯૦ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ શમ્સુલ ઉલૂમ | શેરપુરા | ૮૫ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ નૂરે ઈસ્લામ | સદીકપુર | ૬૩ | ૧૦૦.૦૦% |
| | | **વિભાગ-ઈ (૨૬ થી ૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | |
| (૧) | અઝાખાના એ ઝહેરા | સુરત | ૩૫ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ બાબુલ ઈલ્મ | કૌસરી-મુંબઈ | ૩૪ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ હસનીયા | બારોડીયા કંપા | ૩૩ | ૧૦૦.૦૦% |

લી. મોલ્વી હાસમભાઈ વલીભાઈ, સિધ્ધપુર

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

***મર્હૂમા મો.કુલસુમબેન કાસમભાઈ શેરશીયા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.***

*રૂા.૧૫૧/- મો.ગુલામભાઈ નુરાભાઈ શેરશીયા*
*રૂા.૧૦૧/- મો.મરીયમબેન ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.હાજરાબેન ઈસ્માઈલભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.મહંમદભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.સકીનાબેન મહંમદભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.સકીનાબેન અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.કાસમભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.ઝયનબબેન શબ્બીરભાઈ નાગલપરા*
*રૂા.૨૫/- મો.ઈનાયતફાતમા કાસમભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.અબ્બાસઅલી કાસમભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.તાહેરાબેન ઈસ્માઈલભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.ખૈરૂન્નિસા ઈસ્માઈલભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.ફઝલફાતમા ઈસ્માઈલભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.અઝમતફાતમા મહંમદભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.શબ્બીરઅલી મહંમદભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.રૂકસાનાબાનુ મહંમદભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.હસનઅલી અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.શબાનાબાનુ અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.મહેરફાતમા અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૧૧/- મો.રૂકૈયાબાનુ અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.અવલીબેન ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.ફાતમાબેન અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.માસુમભાઈ ગુલામભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.સકીનાબેન માસુમભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ નુરાભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.સુલેમાનભાઈ નુરાભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.સુલેમાનભાઈ નુરાભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.રસુલભાઈ વલીભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.હબીબભાઈ વલીભાઈ શેરશીયા*
*રૂા.૫૧/- મો.શરીફભાઈ વલીભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.નુરીબેન વલીભાઈ આગલોડીયા*
*રૂા.૨૫/- મો.ઝાકિરઅલી ઈબ્રાહીમભાઈ મુખી*
*રૂા.૨૧/- મો.તાહેરઅલી સુલેમાનભાઈ મુખી*
*રૂા.૨૧/- મો.સલમાબેન તાહેરઅલી મુખી*
*રૂા.૨૫/- મો.રહેમતફાતમા માસુમભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.અઝમતફાતમા અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.અફઝલફાતમા અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.અકબરહુસૈન માસુમભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.મહેરબાનઅલી અબ્બાસભાઈ શેરશીયા*
*રૂા.૨૫/- મો.રહેમાનઅલી માસુમભાઈ શેરશીયા*
*રૂા.૧૦૧/- મો.રહીમભાઈ અલીમહંમદ માણસીયા*

*રૂા.૫૦/- મો.મહંમદભાઈ હબીબભાઈ શેરશીયા (અમદાવાદ)તરફથી તેમની પૌત્રી રઝિયાફાતેમા હસનઅલી શેરશીયાના જન્મની ખુશાલી પ્રસંગે.*

*રૂા.૨૫૧/- જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન(અ.)ની રૂહના સવાબ અર્થે.*

*રૂા.૨૫૧/- મો.મર્હૂમ નશીરભાઈ કરીમદ સિધ્ધપુરા(હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.*

***મર્હૂમા મો.રેમજીબેન મેમનજી પલસાણીયા (રસુલપુર-મેત્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.***

*રૂા.૨૫/- મો.રહીમભાઈ મેમનજી પલસાણીયા*
*રૂા.૨૫/- મો.સકીનાબેન રહીમભાઈ પલસાણીયા*
*રૂા.૨૫/- મો.શબ્બીરઅલી રહીમભાઈ પલસાણીયા*
*રૂા.૨૫/- મો.આબિદઅલી રહીમભાઈ પલસાણીયા*
*રૂા.૨૧/- મો.સુગરાબેન શબ્બીરઅલી પલસાણીયા*

*રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.*

*રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામ સાલેહ (પીરોજપુરા-મુંબઈ)તરફથી તેમની મહારાષ્ટ્ર સરકાર તરફથી વિશેષ કાર્યકરી અધિકારી તરીકે નિમણુંક થઈ તેની ખુશાલી પ્રસંગે.*

***મર્હૂમ મો.કાસિમ ગુલામહુસૈન(કઠોર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.***

*રૂા.૧૦૧/- મો.નજરઅલી ફિરોઝહુસૈન*
*રૂા.૧૦૧/- મો.શહરબાનુ ફિરોઝહુસૈન*
*રૂા.૧૦૧/- મો.સાલેહાફાતેમા ફિરોઝહુસૈન*
*રૂા.૧૦૧/- મો.ઝહીરઅબ્બાસ ઈમ્તિયાઝઅલી*
*રૂા.૧૦૧/- મો.રિઝવાનહુસૈન ઈમ્તિયાઝઅલી*
*રૂા.૧૦૧/- મો.હુસૈનમોહંમદ હસનઅલી*

*રૂા.૫૯/- બંદએ ખુદા (ઈલોલ) તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.*

***રૂા.૫૩૦/- મો.મર્હૂમા અમીનાબેન અબ્દુલભાઈ મરેડીયા(પટેલ) (ઈસ્લામપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.***

*રૂા.૬૦/- મો.અબ્બાસભાઈ કે. ચૌધરી તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.*

***રૂા.૧૪૨૯/- મો.મર્હૂમા અમીનાબેન હાજી કમાલભાઈ સાવદીભાઈ બટ્ટી(મુખી)(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મો.હાજી કમાલભાઈ સાવદીભાઈ બટ્ટી(મુખી) અને તેમના પરિવારજનો તરફથી.***


*શબ્બીરભાઈ તેજપુરાવાળા (જેઠીપુરા)*
*મો. ૯૯૭૯૭૮૬૫૭૦*

**ડીસન્ટ**
**મસાલા સેન્ટર**

મરચું, હળદર, ધાણા જીરૂ, ધાણા પાવડર, ગરમ મસાલો તથા ચાનો મસાલો, વગેરે ખાંડેલા મળશે તથા ખાંડી આપવામાં આવશે.

**સ્થળ**
જેઠીપુરા, પો. જાદર, તા. ઈડર,
જિ. સાબરકાંઠા.

સમાજનું સૌ પ્રથમ આયુર્વેદિક દવાખાનું
પીરો મુરશિદની ભલી દુઆઓથી શરૂ થઈ ગયેલ છે.

# શિફા આયુકેર કલીનીક

## ડો. આબિદઅલી ટી. મોમિન (ધરખડ)

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

* જૂની શરદી, તાવ, ઉધરસ જેવા રોગો...
* ચામડીના રોગો, ખરજવું, દાદર, સોરીયાસીસ, વાઢીયા જેવા રોગો...
* બાળકોના રોગો : શરદી, કફ, કાનમાં પરૂ, ઊંઘમાં પેશાબ કરવા જેવા રોગો...
* સ્ત્રી રોગો : માસિકની તકલીફો, શરીર ધોવાવું, જેવા રોગો...
* કબજીયાત, એસીડીટી, હરસ, મસા જેવા રોગો...
* સાંધાના દુઃખાવા, વા, સાયટીકા, કમરનો દુઃખાવો, વગેરે...
* કાકડા, થાઈરોઈડ, કમળો, અધાશીશી વગેરે રોગો...

**નોંધ : દર્દીઓએ ફોન કરીને જ આવવું.**

મસ્જિદની સામે, બાદરપુર. તા. વડનગર, જિ.મહેસાણા.
ફોન : મો.૯૮૨૪૧૧૪૮૨૭ (રહે.) ૦૨૭૬૧-૨૯૨૨૪૫